जैन साईट

# JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

## JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**

**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ




जैन साईट
JAINSITE.com

# પંડિત શ્રી રૂપવિજયજી કૃત
# પીસ્તાલીસ આગમની
# મોટી પૂજા તથા પરિચય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી પિસ્તાલીસ

૧ શ્રી આચારાંગ સૂત્ર
૨ શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
૩ શ્રી ઠાણાંગ સૂત્ર
૪ શ્રી સમવાયાંગ સૂત્ર
૫ શ્રી પરમપાવન પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર
૬ શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮ શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
૯ શ્રી અનુ ત્તરોવવાઈદશાંગ સૂત્ર
૧૦ શ્રી પ્રશ્ન વ્યાકરણાંગ સૂત્ર
૧૧ શ્રી વિપાકાંગ સૂત્ર
૧૨ શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩ શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
૧૪ શ્રી જીવાભિગમ સૂત્ર
૧૫ શ્રી પન્નવણા સૂત્ર
૧૬ શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭ શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮ શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯ શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦ શ્રી કલ્પાવતંસિકા સૂત્ર
૨૧ શ્રી પુ ષ્પિતા સૂત્ર
૨૨ શ્રી પુષ્પચુલિકા સૂત્ર
૨૩ શ્રી વહ્નિદશા સૂત્ર

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આગમ સૂત્રનાં નામ.

૨૪ શ્રી ચઉસરણ પયન્ના
૨૫ શ્રી આઉરપચ્ચક્ખાણ પયન્ના
૨૬ શ્રી મહાપચ્ચક્ખાણ પયન્ના
૨૭ શ્રી ભત્તપરિન્ના પયન્ના
૨૮ શ્રી તંદુલવેયાલિય પયન્ના
૨૯ શ્રી ગણિવિજ્જા પયન્ના
૩૦ શ્રી ચંદાવિજય પયન્ના
૩૧ શ્રી દેવેન્દ્રથુઈ પયન્ના
૩૨ શ્રી મરણસમાધિ પયન્ના
૩૩ શ્રી સંથારા પયન્ના
૩૪ શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૫ શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૬ શ્રી વ્યવહાર સૂત્ર
૩૭ શ્રી જીતકલ્પ સૂત્ર
૩૮ શ્રી નિશીથ સૂત્ર
૩૯ શ્રી મહાનિશીથ સૂત્ર
૪૦ શ્રી આવશ્યક સૂત્ર
૪૧ શ્રી દશવૈકાલિક સૂત્ર
૪૨ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૪૩ શ્રી પિંડ નિર્યુક્તિ સૂત્ર
૪૪ શ્રી નંદી સૂત્ર
૪૫ શ્રી અનુયોગદ્વાર સૂત્ર

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

श्री विजयदेवसूरि जैन ग्रंथमाळा : पुष्प : ૩

પૂજ્ય પંડિત શ્રી રૂપવિજયજી મહારાજ કૃત

# શ્રી પિસ્તાલીસ આગમની મોટી પૂજા.

# તથા

# પિસ્તાલીસ આગમનો સંક્ષિપ્ત પરિચય.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રકાશક :
**શ્રી શ્રુત જ્ઞાન પ્રસારક સભા**
**મહેશભાઈ શાંતિલાલ ભગત**
દર્શન ટ્રેડર્સ, ૬૦૮, રેલ્વે પુરા
જુના સ્ટેશન સામે, મહાવીર માર્કેટ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૨.
ફોન : ૩૩૩૨૮૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિ સ્થાન :

**મહેશકુમાર શાંતિલાલ ભગત**
ડી-૧, દિકશાંતિ ફ્લેટ,
દેવાસ ફ્લેટની પાછળ - વાસણા
અમદાવાદ - ૩૮૦ ૦૦૭

**અશોકભાઈ હિંમતલાલ**
૩૩, અમૂલ સોસાયટી
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

**નરોત્તમદાસ કેશવલાલ નવાબ**
ઉભો ખાંચો,
નાગજી ભુધરની પોળ, માંડવીની પોળ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

**હસમુખભાઈ ધીરજલાલ મહેતા**
"આસોપાલવ"
૬, વર્ધમાનનગર
રાજકોટ

**શરદભાઈ ઘોઘાવાળા**
બી/૧ વી.ટી. બીલ્ડીંગ
કાળાનાળા
ભાવનગર. ફોન : ૨૬૭૯૭

આવૃતિ ત્રીજી
વી. સં. ૨૦૪૭ શરત્ પૂર્ણિમા

મૂલ્ય : રૂપિયા દશ

મુદ્રક : લા ક્રિએટા - રાજકોટ ફોન : ૪૫૦૭૮ ઘર : ૪૧૯૨૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ધન ધન આગમ જિનતણું...

પરમાત્માના વચન સ્વરૂપ આગમ ગ્રંથોના બહુમાન-પૂજન રૂપ આગમપૂજા હવે વર્ષો વર્ષ ઠેક ઠેકાણે ઠાઠમાઠથી ભણાવાય છે.

વિ.સં. ૨૦૪૭માં આસો મહિને રાજકોટ પ્રહલાદ પ્લોટમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય દેવસૂરિજી મહારાજ, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય હેમચન્દ્રસૂરિજી મહારાજ તથા પૂજ્ય પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ આદિની નિશ્રામાં આ પૂજા ભણાવાઈ ત્યારે રાજકોટના તત્ત્વપ્રેમી સદ્ગૃહસ્થો ડોલી ઉઠયા હતા અને તેઓના મુખમાંથી "આ પૂજાની ઢાળના શબ્દો, દિવસો સુધી કાનમાં ગૂંજ્યા કર્યા છે, આગમ રચનાની સજાવટ મહિનાઓ સુધી આંખ સામે તરવર્યા કરી છે અને આ સમગ્ર પ્રસંગનો માહોલ વરસો સુધી સ્મૃતિમાં સચવાઈ રહેશે અને અમને તેનું સ્મરણ પુલકિત કર્યા કરશે..

ભકિતરસ અને તત્ત્વબોધથી નીતરતી આ પૂજાનું ગાન અમે અમારી અનુકૂળતા મુજબ કરતાં રહીએ એ માટે આ પુસ્તક ફરીથી છપાવવા જોગ છે."

આવા ઉદ્ગાર સાંભળીને આગમ પૂજાની આ તૃતીય આવૃત્તિ પ્રકાશિત કરવાનું વિચાર્યું છે.

એ જ રાજકોટના પ્રભુશાસન રાગી વર્ગે પુસ્તક છપાવવાનો આર્થિક બોજો હળવો કરીને અમને પ્રોત્સાહિત કર્યા છે.

અને અંતે અમારી સકલ શ્રીસંઘને અંજલિબદ્ધ એક જ પ્રાર્થના છે કે આ આગમ પૂજાને ભાવથી ગાઈ ગવરાવી બોધિ બીજને નિર્મળ કરો.

એજ પ્રકાશક.

જૈન સાઈટ JAINSITE .com જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પૂજા શરુ કરતાં પહેલાં
## - જરૂરી -
## પૂજાની વિધિ

પ્રથમ સ્નાત્ર ભણાવવું.

આ પૂજામાં ભગવાનની સમક્ષ પિસ્તાલીસ આગમ પધરાવવા અને પાંચ પ્રકારનાં ૪૫ ફળ, પાંચ પ્રકારનાં ૪૫ નૈવેદ્ય, ૪૫ શ્રીફળ, ૪૫ નાગરવેલનાં પાન તથા સોપારી અને ૪૫ દીવા મુકવાં, એક આગમની પૂજાની થાળી વાગે ત્યારે ત્રિગડામાં બિરાજેલ ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરવી, અને એક દીવો પેટાવવો. વળી જ્યારે જે આગમની પૂજા ચાલતી હોય ત્યારે તે આગમ થાળમાં પધરાવીને ત્યાં ઊભા રહેવું; ને પૂજા પૂરી થયે તે આગમની ૧, વાસક્ષેપ ૨, સોનામહોર-રૂપાનાણું ૩, ચોખાથી વધાવવા ૪ પુષ્પ ચઢાવવા, ૫ ધૂપ ૬ દીપ ૭ નૈવેદ્ય ૮ ફળ આ રીતે અષ્ટપ્રકારી પૂજા કરીને પધરાવવું, એકેક પૂજા ભણાઇ રહે એટલે એ આગમના જાપનું જે પદ હોય તેનો ૧૦૮ વાર જાપ કરવો સંઘમાં ઉલ્લાસ હોયતો સાચામોતી પાના, પોખરાજ માણેક વગેરેથી વધાવવા બધા આગમને સોના-રૂપાના ફૂલથી વધાવવા. ૪૫ પૂજા પૂર્ણ થયે ૧૦૮ દીવાની આરતી, મંગળ દીવો અને શાંતિ કળશ કરવાં.

જો પૂજા બે દિવસ થઈને ભણાવવાની હોય તો પહેલાં દિવસે પહેલી ત્રેવીશ આગમની અને બીજા દિવસે બાવીશ આગમની પૂજા ભણાવવી. પહેલા દિવસે સાત દીવાની આરતી કરવી. ફળનૈવેદ્ય બન્ને દિવસ એજ ચાલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પંડિત શ્રી રૂપવિજયજી કૃત
# શ્રી પિસ્તાલીસ આગમની પૂજા
## એકાદશ અંગપૂજા
## પ્રથમ શ્રી આચારાંગસૂત્ર પૂજા ૧
(રચના : વિ.સં. ૧૮૮૫ અમદાવાદ.)

**દુહા**

ભવિક જીવ હિતકારિણી, સ્યાદ્વાદ જસ વાણી
તે પરમાતમ પ્રણમિયે, વિમલ અનંત ગુણખાણી ॥૧॥
જિનમુખ પદ્મદ્રહ થકી, પ્રગટી ત્રિપદી ગંગ;
મુનિ માહણ[1] ઝીલે સદા, અર્થ પીયે ગૃહી ચંગ ॥૨॥
મિથ્યાતમ ભર ટાળવા, જિનવર અભિનવ સૂર;
તસ ગો-ભર[2] શ્રુત પૂજીને, પામો સમકિત નૂર ॥૩॥
જિનવર જિન આગમ તણી, પૂજા કરે ધરી ભાવ;
તે ભવિયણ ભવજલ તરી, પામે શુદ્ધ સ્વભાવ ॥૪॥
તિગ[૩] પણ[૪] અડ[૮] નવ[૯] ભેદથી, સત્તર એકવીસ ભેદ;
અષ્ટોત્તરી પૂજા કરી, ટાળો, ભવિ ભવખેદ ॥૫॥
અષ્ટ પ્રકારે પૂજીયે, જિન આગમ ધરી ભાવ;
અષ્ટમ[3] ગતિને પામવા, જ્ઞાન છે અભિનવ દાવ ॥૬॥
વાસ[૧] વસુ[૨] અક્ષત[૩] કુસુમ[૪], ધૂપ[૫] દીપ[૬] મનોહાર;
નૈવેદ્ય[૭]-ફળ[૮] પૂજા કરી, પામો ભવિ ભવપાર ॥૭॥
તીર્થપતિ નમે તીર્થને, તીર્થ તે દ્વાદશ અંગ;
તે સેવી જિનપદ લહે, શ્રી જયંત નૃપ ચંગ ॥૮॥

---

૧. બ્રાહ્મણ ૨. કિરણનો સમૂહ = વાણીનો સમૂહ
૩. દેવ-દેવી, નર-સ્ત્રી, તિર્યંચ નર-માદા, નારક એ સાત અને આઠમી ગતિ તે મોક્ષ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ ઢાળ પહેલી ॥
નીલુડી રાયણ તરુ તળે રે, સુણો સુંદરી – એ દેશી ॥

વર્ધમાન ગુણ આગરુ[1]; અરિહંતાજી.
વર્ધમાન જીનભાણ; ભગવંતાજી.
મહસેન વનમાં સમોસર્યા; અરિહંતાજી.
ચઉવિહ સુર મંડાણ; ભગવંતાજી ॥૧॥
માધવ[2] શુદિ એકાદશી; અરિહંતાજી.
પ્રથમ યામ[3] ગુણધામ; ભગવંતાજી.
ત્રિપદીયે અર્થ પ્રકાશીયો; અરિહંતાજી.
ગણિ રચે સૂત્ર તે ઠામ; ભગવંતાજી. ॥૨॥
આચારાંગે વખાણીયા; અરિહંતાજી.
સુઅખંધ દોય તે ખાસ; ભગવંતાજી.
પણવીસ અજઝયણાં ભલાં; અરિહંતાજી.
કરે અજ્ઞાણનો નાશ; ભગવંતાજી. ॥૩॥
અઢાર સહસ પદે ભર્યું; અરિહંતાજી.
અર્થ અનંત ભંડાર; ભગવંતાજી.
નિશ્ચય નાણ ચરણ ભર્યું; અરિહંતાજી.
પૂજી લહો ભવપાર; ભગવંતાજી. ॥૪॥
જિન ઉત્તમ મુખ પદ્મની; અરિહંતાજી.
વાણી અમૃત ખાણ; ભગવંતાજી.
રૂપવિજય કહે પૂજતાં; અરિહંતાજી.
લહીએ શિવપુર ઠાણ; ભગવંતાજી. ॥૫॥

૧. ઘર ૨. વૈશાખસુદિ ૩. પહોર

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં – શ્રીમતે આચારાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥


પરિચય માટે જુઓ છેલ્લે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્વિતીય શ્રી સૂયગડાંગસૂત્ર પૂજા ૨

॥ દુહો ॥

સમકિત દર્શન શુદ્ધતા, કારક બીજું અંગ ॥
પૂજો ધ્યાવો ભવિજના, ઝીલો જ્ઞાન તરંગ ॥૧॥

*॥ ઢાળ બીજી ॥*
*ગોવાછરૂઆં ચારતો આહિરનો અવતાર, રૂડું ગોકળિયું-એ દેશી ॥*

બીજું અંગ આરાધીયે, સૂયગડાંગ જેહનું નામ આગમ એ રૂડો
સુઅખંધ દોય સોહામણા, સોહે અતિ અભિરામ આ. ॥ ૧ ॥
સ્યાદ્વાદ વાણી ભર્યાં, અજ્ઝયણાં તેત્રીસ આ.
સ્વપર સમયની વારતા, ભાખી શ્રી જગદીશ આ. ॥ ૨ ॥
કુ - પાવયણી[૧] દાખિયા, ત્રણશેં ત્રેંશઠ ભેદ આ.
તે છંડી એ શ્રુત ગ્રહો, સમકિત આત્મ અભેદ આ. ॥ ૩ ॥
આર્દ્રકુમાર મુનિ પરે, નિર્મળ કરજો ચિત્ત આ.
ત્રિકરણ યોગ સમારીને, પૂજજો આગમ નિત્ય આ. ॥ ૪ ॥
જ્ઞાને જ્ઞાતા જ્ઞેયનો, જાણે સ્વપર સ્વભાવ આ.
જિન ઉત્તમ મુખ પદ્મની, વાણીએ તજાય વિભાવ આ. ॥ ૫॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે સૂયગડાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

૧ પાખંડી


પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તૃતીય શ્રી ઠાણાંગ સૂત્ર પૂજા ૩

॥ દુહો ॥

ત્રિવિધ અવંચકયોગથી[1], પૂજો ત્રીજું અંગ ॥
ઠાણ આસન મુદ્રા કરી, લહો શિવવધૂ નવ રંગ ॥૧॥

*॥ ઢાળ ત્રીજી ॥ સાબરમતીએ આવિયાં ભરપૂર જો-એ દેશી ॥*

શ્રી ઠાણાંગ સૂત્રની સેવના સારજો,
કરિએ રે ભવિ તરિયે ભવજળ વારિધિ જો ॥

દશ અધ્યયને વધતા[2] છે દશ બોલ જો,
સુણીયે રે ભવિ મુણિયે થુણિએ સારધી[3] રે લોલ ॥૧॥
સંગ્રહ નયથી - "એગે આયા" સૂત્ર જો,
ભાખે રે જિન રાજા તાજા તેજથી રે લોલ ॥
મહાસત્તા સામાન્યપણું ઈહાં હોય જો,
બીજા રે અધ્યયન અવાંતર ભેદથી રે લોલ ॥૨॥
સૂત્ર અર્થ તદુભયથી સેવે જેહ જો,
તે આરાધક શ્રુતનો ભાખ્યો ગણધરે રે લોલ ॥
પ્રત્યનીક[4] વળી ત્રિવિધ કહ્યા છે તત્ત્વ જો,
તેણે જે વિધિયે સેવે તે ભવજળ તરે રે લોલ ॥૩॥
દ્રવ્ય તથા ગુણ પજજવ ક્ષેત્ર ને કાલ જો,
સલિલા-શૈલ-સમુદ્ર-વિમાન તે સુરતણાં રે લોલ ॥
જીવાજીવ પરૂવણા પુરુષા જાત જો,
ભાખ્યા જે જિનેં દાખ્યા તે ગણધરે ઘણા રે લોલ ॥૪॥
તેણે એ સૂત્ર છે સદ્ગતિ ફળ દાતાર જો,
સેવો ગાવો ધ્યાવો પાવો સુખ ઘણાં રે લોલ ॥
જિન ઉત્તમ મુખ પદ્મ વચન રસ લીન જો,
રૂપવિજય કહે તેહને સુખની નહિ મણા રે લોલ ॥૫॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે ઠાણાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

---

૧. યોગાવંચક, ક્રિયાવંચક, ફલાવંચક, ૨. ચઢતાં-પાઠાંતર ૩ શ્રેષ્ઠ બુદ્ધિ ૪ શત્રુ.


પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચતુર્થ શ્રી સમવાયાંગ સૂત્ર પૂજા ૪

॥ દુહો ॥

શત સમવાય વખાણીયા, ચઢતા ચોથે અંગ
પૂજો ધ્યાવો એહને, ભાવ થકી ધરી રંગ ॥૧॥

*॥ ઢાળ ચોથી ॥*

સાંભળ રે તું સજની માહરી, રજની કિહાં રમી આવી જી- એ દેશી ॥

આતમ સત્તા શુદ્ધ પ્રકાશી, અવિનાશી અવિકારીજી
ત્રિશલા નંદન ત્રિગડે બેસી, વાણી કહી હિતકારી
શ્રુતપદ જપીએજી, ભવભવ સંચિત પાપ દૂરે ખપીએજી ॥૧॥
॥ એ આંકણી ॥
જીવાજીવ-સુરાસુર-નર-તિરિ, નારય પમુહા ભાવાજી ॥
ભુવણો-ગાહણ-વેયણ-ઈંદી,
ભાખ્યા વિવિહ સહાવા ॥ શ્રુત. ॥૨॥
કુલકર-જિનવર-ભૂધર-હલધર, ચક્રી ભરતના ઈશ જી ॥
એ સમવાય વખાણ્યા સઘળા,
ગણધર ને જગદીશ ॥ શ્રુત. ॥૨॥
એક લાખને સહસ ચુંઆલીશ, પદ એ શ્રુતના કહીએ જી ॥
સંખ્યાતે વરણે કરી ભરીયો,
અરથ અનંતા લહીએ ॥ શ્રુત. ॥૨॥
શ્રુતપદ ભણજો શ્રુતપદ ગણજો, શ્રુતપદ ગાવો ધ્યાવો જી ॥
ગુરૂ મુખ પદ્મથી અર્થ વચન સુણી, રૂપવિજય પદ પાવો ॥ શ્રુત. ॥૨॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે સમવાયાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પંચમ શ્રી ભગવતી અંગસૂત્ર પૂજા ૫

॥ દુહો ॥

પાવન પંચમ અંગમાં, પ્રશ્ન છત્રીશ હજાર
ગૌતમ ગણધરે પૂછિયા, વીર કહ્યા નિરધાર ॥૧॥

*॥ ઢાળ પાંચમી ॥ મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે-એ દેશી ॥*

ભવિ તુમે પૂજો રે ભગવતી સૂત્રને રે, વિવાહ પન્નત્તિ નામ ॥
પંચમ અંગે એ પંચમ ગતિ દિયે રે, ચરણ કરણ ગુણઠાણ ॥ ભવિ. ॥૧॥
એક સો આડત્રીશ શતકે સોહતું રે, વળી બેંતાલીશ ધાર
ઉદ્દેશા ઓગણીશસેં ઉપરે રે, પચ્ચીસ છે નિરધાર ॥ ભવિ. ॥૨॥
સહસ ચોરાશી પદવૃંદે કરી રે, સોહે સૂત્ર ઉદાર
વિવિધ સુરાસુર નર નૃપ મુનિવરે રે, પૂછયા પ્રશ્ન પ્રકાર ॥ ભવિ. ॥૩॥
ષડ્ દ્રવ્ય ચરણ કરણ નભ કાલના રે, પજ્જવ ને પરદેશ[1]
અસ્તિ નાસ્તિતા સ્વપર વિભાગથી રે, ભાખ્યા અર્થ વિશેષ ॥ભવિ. ॥૪॥
ઉપક્રમ નિક્ષેપ અનુગમ નય વળી રે, ચાર પ્રમાણ વિચાર ॥
લોકાલોક પ્રકાશક જિને કહ્યા રે, પ્રશ્ન છત્રીશ હજાર ॥ ભવિ. ॥૫॥
શ્રદ્ધા ભાસન રમણપણું કરી રે, સાંભળો સૂત્ર ઉદાર ॥
ત્રિવિધ ભકિત કરી પૂજો સૂત્રને રે, મણિ મુકતાફળે સાર ॥ ભવિ. ॥૬॥
સોનામહોર સહસ છત્રીશથી રે, *સંગ્રામ સોનીએ* સાર ॥
રૂપવિજય કહે પૂજયું ભગવતી રે, તિમ પૂજો નર નાર ॥ ભવિ. ॥૭॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે ભગવતીસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

---

૧. પ્રદેશ.



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ષષ્ઠ
# શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર પૂજા ૬

॥ દુહો ॥

ષડવ્રતધારી ષટપદેં[૧], લેતા ઉછાહાર[૨] ॥
યુગપ્રધાન શ્રી જંબૂએ, પૂછયા અર્થ વિચાર ॥૧॥

*॥ ઢાળ છઠ્ઠી ॥*

*ટૂંક અને ટોડા બિચે રે, મેંદીના દોય રૂખ; મેંદી રંગ લાગ્યો-એ દેશી ॥*

ષડવ્રતધારી મહામુનિ રે, જંબૂ જુગ પરધાન; આગમ એ રૂડો
સ્વામિ સુધર્માને નમી રે, પૂછે અર્થ નિધાન ॥ આ. ॥ ૧ ॥

કહે સોહમ જંબૂ સુણો રે, જ્ઞાતા સુઅખંધ દોય ॥ આ. ॥
ઓગણીશ અધ્યયન છે રે, પદ સંખ્યાતા જોય ॥ આ. ॥ ૨ ॥

મેઘકુમારાદિક મુનિ રે, સંયમ ધોરી સાધ ॥ આ. ॥
સાધન સાધી સિદ્ધિનાં રે, પામશે અવ્યાબાધ ॥ આ. ॥ ૩ ॥

ઘોર પરિસહ જીપતા રે, દીપતા સંયમ તેજ ॥ આ. ॥
પાળે પંચાચારને રે, લેવા શિવવહૂ સેજ ॥ આ. ॥ ૪ ॥

ચરણ કરણ રયણે ભર્યો રે, શ્રુત રત્નાકર સાર ॥ આ. ॥
જિન ઉત્તમ મુખ પદ્મથી રે, લહો ચિદ્રૂપ અપાર ॥ આ. ॥ ૫ ॥

---

૧. ભમરાની જેમ ૨. અંત-પ્રાંત ભિક્ષા.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે જ્ઞાતાધર્મકથાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

 પરિચય માટે જુઓ છેલ્લે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સપ્તમ

# શ્રી ઉપાસક દશાંગસૂત્ર પૂજા ૭

॥ દુહો ॥

અંગ ઉપાસકમાં કહ્યા, દશ શ્રાવક અધિકાર ॥
વીર જિણંદ વખાણિયા, ધન્ય તેહના અવતાર ॥૧॥

*॥ ઢાળ સાતમી ॥ શ્રીપદ્મ પ્રભના નામની હું જાઉં બલિહારી–એ દેશી ॥*

સગ [૧] ભયવારક સાતમું, અંગ સુરંગ વિચાર ભવિજન ॥
સુઅખંધ એક સોહામણો, અજ્ઝયણાં દશ સાર ॥ ભવિ. ॥૧॥

આણંદ કામદેવ ગુણી, ચુલણીપિયા સુરાદેવ ॥ ભવિ. ॥
ચુલ્લશતક કુંડકોલિયો, કરે જિન આગમ સેવ ॥ ભવિ. ॥૨॥

સદ્દાલપુત્ર છે સાતમા, મહાશતક ગુણવંત ॥ ભવિ. ॥
નંદિનીપિયા નવમા લહું, લેયણીપિયા પુણ્યવંત ॥ ભવિ. ॥૩॥

વર્દ્ધમાન જિન દેશના, સાંભળી વ્રત લીએ બાર ॥ ભવિ. ॥
ચૌદ વરસ ઘરમાં રહ્યા, ષટ્ વર્ષ પૌષધાગાર ॥ ભવિ. ॥૪॥

અગિયાર પડિમા તપ તપી, અણસણ કરી લહી સગ્ગ ॥ ભવિ.॥
મહાવિદેહ મનુજ થઇ, જાશે દશ અપવગ્ગ ॥ ભવિ. ॥૫॥

આગમ અમૃત રસ ભર્યો, જે પીએ નરનાર ॥ ભવિ. ॥
રૂપવિજય પદ સંપદા, તે પામે નિરધાર ॥ ભવિ. ॥૬॥

---

૧. સાતભય : ઈહલોક, પરલોક. આદાન, આજીવિકા, અપયશ, અકસ્માત, મરણ.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે ઉપાસક દશાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અષ્ટમ

# શ્રી અંતગડદશાંગ સૂત્ર પૂજા ૮

॥ દુહો ॥

નિરૂપમ નેમિ જિણંદની, સાંભળી દેશના સાર ॥
ગોયમ સમુદ્રસાગર પમુહ, પામ્યા ભવજળ પાર ॥૧॥

*॥ ઢાળ આઠમી ॥ ઝુમખડાની-નિરખી નિરખી તુજ બિંબને-એ દેશી ॥*

અંતગડ અંગ તે આઠમું રે, અષ્ટમી ગતિ દાતાર ॥
॥ નમો વીતરાગને ॥

આઠ વરગ છે તેહના રે, અધ્યયન નેવું ઉદાર ॥ નમો. ॥૧॥

સુઅખંધ એક સોહામણો રે, અર્થ અનંતનો ધામ ॥ નમો. ॥
ચરણ કરણ રયણે ભર્યો રે, આપે અવિચળ ઠામ ॥ નમો. ॥૨॥

યદુવંશી યાદવ ઘણા રે, ત્યજી સંસાર ઉપાધિ ॥ નમો. ॥
સંયમ શુદ્ધ આરાધીને રે, કાઢી કર્મની વ્યાધિ ॥ નમો. ॥૩॥

અજ્જવ મદ્દવ ગુણે ભર્યા રે, સંયમ સત્તર પ્રકાર ॥ નમો. ॥
સમિતિ ગુપ્તિ તપસ્યા કરી રે, પામ્યા ભવજળ પાર ॥ નમો. ॥૪॥

આગમં રીતે ચાલતાં રે, થયા મુનિ સિદ્ધ અનંત ॥ નમો. ॥
આગમ પૂજી ભવિજના રે, લહો ચિદ્રૂપ મહંત ॥ નમો. ॥૫॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે અંતગડદશાંગસુત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નવમ
# શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર પૂજા ૯

॥ દુહો ॥

જાલિ મયાલિ ઉવયાલિ મુનિ, પુરિસસેણ વારિસેણ ॥
સંયમ લઇ અનુત્તર ગયા, હું વંદું તિવિહેણ ॥૧॥

*॥ ઢાળ નવમી ॥ સુણ ગોવાલણી ગોરસડાં વાળી રે ઊભી રહે ને–એ દેશી ॥*

નવમું અંગ સેવો ભવિ પ્રાણી, નામ અણુત્તરોવવાઈ ગુણખાણી ॥
એ તો સોહમ ગણધરની વાણી ॥૧॥
તુમે પૂજો લાલ, અનુત્તરોવવાઈ અંગ સુગંધી ચૂરણે ॥
એ સેવો લાલ, ઉદયે આવે ભાગ્ય હોય જો પૂરણે. ॥ એ આંકણી ॥
સુંદર એક સુઅખંધ સોહે છે, ત્રણ્ય વર્ગ ભવિ મન મોહે છે;
તેત્રીશ અધ્યયને બોહે છે ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૨॥
સગ[1] શ્રેણિક ધારણી સુત જાણો, નંદા સુત અભયકુમાર શાણો;
દોય ચેલણા નંદન મન આણો ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૩ ॥
વૈશાલિક[2] વચન સુણી કાને, બૂઝયા વ્રત લીએ ઘણા બહુમાને;
અનુત્તર સુર થાય સંયમ તાને ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૪ ॥
શ્રેણિક ધારણી સુત તેર ભલા, દીરઘસેનાદિક ગુણનીલા;
લહ્યા સંયમે અનુત્તર સુખ ભલાં ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૫ ॥
ધન ધન્નો કાકંદીવાસી, બત્રીશ રમણી ત્યજી ગુણરાશિ;
લઇ સંયમ થયો અનુત્તરવાસી ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૬ ॥
જિન ઉત્તમ મુખ પદ્મની વાણી, સુનક્ષત્રાદિક નવ ગુણખાણી;
લહ્યા રૂપવિજય અનુત્તર નાણી ॥ તુમે૦ ॥ એ૦ ॥ ૭ ॥

**ૐ હ્રીં શ્રીં** પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે અનુત્તરોવવાઈસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

---

૧. સાત. ૨. મહાવીર સ્વામી



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દશમ

# શ્રી પ્રશ્નવ્યાકરણ અંગ પૂજા ૧૦

॥ દુહો ॥

ત્રિપદી અર્થ પ્રકાશીયો, ગણધરને જિનરાજ ॥
તે જિનદેવને પૂજતાં, લહિએ શિવસામ્રાજ્ય ॥૧॥

*॥ ઢાળ દશમી ॥વાલાજી પાંચમ મંગળવાર પ્રભાતે ચાલવું રે લોલ-એ દેશી. ॥*

ભવિ તુમે પૂજો શ્રી મહાવીર, સરસ કેસર ઘસી રે લોલ ॥
ભવિ તુમે અગર કસ્તુરી બરાસ, અંબર ભેળો ઘસી રે લોલ ॥
ભવિ તુમે પંચવરણી વર કુસુમ, હાર કંઠે ધરો રે લોલ ॥
ભવિ તુમે ધૂપ ઉખેવો ભાવથી, જિમ ભવજળ તરો રે લોલ ॥ ૧ ॥
ભવિ તુમે જગદીપક જિન આગળ, દ્રવ્યદીપક કરો રે લોલ ॥
ભવિ તુમે ભાવદીપક લહો કેવળ-નાણ ઉલટ ધરો રે લોલ ॥
ભવિ તુમે અક્ષત નૈવેદ્ય ફળ ઠવી, ભવસાગર તરો રે લોલ ॥
ભવિ તુમે સેવી સંવર ભાવ, એ શિવરમણી વરો રે લોલ ॥ ૨ ॥
ભવિ તુમે છંડી આશ્રવ પંચ, પૂજા પ્રેમે કરો રે લોલ ॥
ભવિ તુમે જિનપૂજા જે શુદ્ધ, દયા તે મન ધરો રે લોલ ॥
ભવિ તુમે શીલ સંયમ શિવ સમિતિ, સંવર જાણિયે રે લોલ ॥
ભવિ તુમે સમ્મિતિ ભદ્રા બોધિ, પૂજા વખાણીયે રે લોલ ॥ ૩ ॥
ભવિ તુમે જાણો દશમે અંગ, સુઅખંધ એક છે રે લોલ ॥
ભવિ તુમે સમજો દશ અધ્યયન, અર્થથી છેક છે રે લોલ ॥
ભવિ તુમે કર્મ નિર્જરા હેત, ચૈત્ય ભકિત કરો રે લોલ ॥
ભવિ તુમે પૂજો ધ્યાવો સમરો, જિમ ભવજળ તરો રે લોલ ॥ ૪ ॥
ભવિ તુમે શ્રી જિનરાજ, ઉત્તમ મુખ પદ્મની દેશના રે લોલ ॥
ભવિ તુમે ટાળો અનાદિ કુકર્મ, દાયક જે કલેશના રે લોલ ॥
ભવિ તુમે રૂપવિજય પદકમલા, વિમલા પાવજો રે લોલ ॥
ભવિ તુમે સરસ સુકંઠે, શ્રી જિનઆગમ ગાવજો રે લોલ ॥ ૫ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી પ્રશ્નવ્યાકરણાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ જયતિ શાસનમ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## એકાદશ
# શ્રી વિપાક અંગ પૂજા ૧૧

॥ દુહો ॥

બાંધ્યા યોગ કષાયથી, કર્મ અશુભ શુભ જેહ ॥
જિન જૈનાગમ સેવથી, ક્ષય કરી લહો શિવગેહ ॥ ૧ ॥

*॥ ઢાળ અગિયારમી ॥ ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું–એ દેશી ॥*

અંગ અગ્યારમું શ્રી જિનવરે કહ્યું, ભવિજનને હિતકાજ ॥ મુનીસર ॥
ઇંદ્રિય કષાય પ્રમાદને પરિહરી, લહો શાશ્વત શિવરાજ ॥મુની૦॥ ૧ ॥
શ્રી જિન પૂજો પ્રેમે ભવિજના ॥ એ આંકણી ॥
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયની, સાધ્યપદે રહ્યા સાધ ॥ મુની૦ ॥
દર્શન નાણ ચરણ તવ સેવના, કરી લહો સુખ અગાધ ॥મુની૦॥શ્રી॥૨॥
કર્મ શુભાશુભ ઉદયથી જીવને, સુખ દુઃખ પ્રગટે રે અંગ ॥ મુની૦ ॥
જ્ઞાન ધ્યાન તપ સંયમ સાધના, કરી લહો સુખ અભંગ ॥મુની૦॥શ્રી॥૩॥
પુણ્ય પાપ ફળ ત્યજવાં જીવને, ભજવો સંવર ભાવ ॥ મુની૦ ॥
સિદ્ધિ સંસાર પદારથ ઉપરે, સમપરિણામનો દાવ ॥મુની૦॥ શ્રી ॥૪॥
પુણ્ય પાપ પયડિ સવિ ક્ષય કરી, દૃષ્ટિ પ્રભા પરા ધાર ॥ મુની૦ ॥
જિન ઉત્તમ મુખ પદ્મની દેશના, સુણી લહે ચિદરૂપ સાર ॥મુની૦॥શ્રી॥૫॥
સુઅખંધ દોય અજ્ઝયણાં વીશ છે, પદ સંખ્યા સુણો સાર ॥ મુની૦ ॥
એક કોડી લાખ ચોરાશી ઉપરે, સહસ બત્રીસ ઉદાર ॥મુની૦॥ શ્રી ॥૬॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી વિપાકાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ અંગપૂજા ઉપર કલશ ॥

ગાયા ગાયા રે જિનરાજ ભગતિરસે ગાયા, શ્રી જિનરાજની પૂજા કરતાં,
મનુઅજનમ ફળ પાયા રે જિનરાજ ભગતિરસે ગાયા – એ આંકણી
અગિયાર અંગના અર્થ ત્રિપદીએ, ગણધરને સમજાયા ॥
તે આગમની પૂજા કરતાં, પાતક દૂર ગમાયા રે ॥ જિન૦ ॥૧॥
સૂત્ર અર્થથી સાહુ સાહુણી, અર્થે સુરનર રાયા ॥
જસ અધિકારી કહ્યા જિનરાજે, તે શ્રુત બહુ સુખદાયા રે ॥ જિન૦ ॥૨॥
*ધન્ય ધન્ય મનુઅજનમ શ્રાવક કુળ, જિહાં જિનભક્તિ પાયા ॥*
*સમકિત સૂરજ ઘટમાં પ્રગટયો, મિથ્યાત તિમિર ગમાયા રે ॥જિન૦॥૩॥*
શ્રી વિજયદેવસૂરીશ્વર પાટે, વિજયસિંહ સૂરિરાયા ॥
સત્ય કપૂર ખિમા જિન ઉત્તમ, શિષ્ય પરંપરા પાયા રે ॥ જિન૦ ॥૪॥
શ્રી ગુરુ પદ્મવિજય પદ પંકજ, નમતાં શ્રુત બહુ પાયા ॥
રૂપવિજય કહે આગમપૂજા, કરી લહો સુજસ સવાયા રે ॥ જિન૦ ॥૫॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

॥ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજીકૃત પિસ્તાલીશ આગમ પૂજામાં
એકાદશ અંગપૂજા સમાપ્ત ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્વાદશ ઉપાંગ પૂજા
## પ્રથમ શ્રી ઉવવાઈ ઉપાંગ સૂત્ર પૂજા ૧૨

### ॥ દુહા ॥

અંગતણા પદ એકનો, વિસ્તર તેહ ઉપાંગ ॥
સેવો ધ્યાવો એહને, મન ધરી અધિક ઉમંગ ॥ ૧ ॥
આચારાંગનો ભાખિયો, થિવિરે કરી વિસ્તાર ॥
સૂત્ર ઉવવાઈ સોહામણું, પૂજી લહો ભવપાર ॥ ૨ ॥

*॥ ઢાળ પહેલી ॥ અજિત જિણંદશું પ્રીતડી-એ દેશી ॥*

શાસન નાયક ગુણનીલો, ત્રિભુવન તિલો રે જગ વીરજિણંદ ॥
દેવ સુરાસુર નરવરા, સેવે ભકતે રે જસ પદ-અરવિંદ ॥શાસન૦॥૧॥
ચઉદ સહસ ભલા મુનિવરા, સંઘ સાહુણી રે છત્રીસ હજાર ॥
ચાર નિકાયના દેવતા, પદ સેવતા રે કોડાકોડિ સાર ॥ શાસન૦॥૨॥
પાઉધાર્યા ચંપાપુરી, રચ્યું સુરવરે રે સમોસરણ ઉદાર ॥
કોણિક દેઇ વધામણી, આયો વંદન રે ભકતે કરી સાર ॥ શાસન૦॥૩॥
ચઉ ગઈ ગમન નિવારણી, ભવ તારણી રે સુણી દેશના ખાસ ॥
પરષદા લોક યથોચિતે, ગ્રહે મહાવ્રત રે અણુવ્રત ઉલ્લાસ ॥શાસન૦॥૪॥
સૂત્ર ઉવવાઈમાં કહ્યો, જે વિસ્તરે રે ગણધરે ઉચ્છાહ ॥
તે શ્રુત પૂજો ભવિજના, જિમ નિસ્તરો રે ભવજલધિ અથાહ ॥શાસન૦॥૫॥
જિન પડિમા જિન આગમે, જસ ભકિત રે તે લહે શિવસાર ॥
શ્રી ગુરુ પદ્મવિજય તણો, શિષ્ય ભાખે રે કવિ રૂપ ઉદાર ॥શાસન૦॥૬॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી ઉવવાઈ ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥


પરિચય માટે જુઓ છેલ્લે

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્વિતીય
# શ્રી રાયપસેણી ઉપાંગસૂત્ર પૂજા ૧૩

॥ દુહા ॥

શ્વેતાંબી નગરી ધણી, નામ પ્રદેશી રાય ॥
કેશી ગણધર દેશના, સાંભળી શ્રાવક થાય ॥ ૧ ॥
સમકિત ધારી શુભમતિ, પાળી નિર્મળ ધર્મ ॥
નિરુપમ સુરસુખ અનુભવી, મનુજ ભવે શિવશર્મ ॥ ૨ ॥

*॥ ઢાળ બીજી ॥*

*નાયકા રે તુમે ચાલ્યા ગઢ આગરે રે લાલ-એ દેશી ॥*

*સુરિયાભ રે સુરવર અવધિનાણથી રે લાલ ॥ આમલકલ્પા ઉદ્યાન રે લાલ ॥*

મોરે મન માન્યો એ જિનવરુ રે લાલ ॥

વિચરતા રે વીર જિણંદ વિલોકિને રે લાલ,

કરે વંદન સન્માન રે લાલ ॥ મોરે૦॥ ૧ ॥

ભાખે રે આભિયોગિક સુરને તદા રે લાલ,

ઉદ્દ્ઘોષણા કરો સાર રે લાલ ॥ મોરે૦ ॥

આવજો રે જિનવંદન કરવા ભણી રે લાલ,

પામવા ભવજળ પાર રે લાલ ॥ મોરે૦ ॥ ૨ ॥

સુરવર રે સાથે વંદી વીરને રે લાલ,

પૂજી પદકજ ખાસ રે લાલ ॥ મોરે૦ ॥

પૂછે રે ભવ્યાદિક ષટ્પદ[૧] ભલા રે લાલ,

પામી મન ઉલ્લાસ રે લાલ ॥ મોરે૦ ॥ ૩ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનપતિ રે જંપે ભવ્ય તું સમકિતી રે લાલ,

ચરમશરીરી ખાસ રે લાલ ॥ મોરે૦ ॥

સાંભળી રે હરખે નાટક તે કરે રે લાલ,

બત્રીશબદ્ધ ઉલ્લાસ રે લાલ ॥ મોરે૦ ॥ ૪ ॥

એક શત રે આઠ દેવ દેવી નાચે રે લાલ,

થેઇ થેઇ કરતી ચંગ રે લાલ ॥ મોરે૦ ॥

દેતી રે ફરતી ચિહું દિશી ફુદડી રે લાલ,

જિન ગુણ ગાતી ઉમંગ રે લાલ ॥ મોરે૦ ॥ ૫ ॥

વાજે રે વાજાં છંદે નવનવે રે લાલ,

હાવ ભાવ લય તાલ રે લાલ ॥ મોરે૦ ॥

થાસક[૨] રે વાસક અંતર ભાવના રે લાલ,

દ્વાદશ કિરણે રસાળ રે લાલ ॥ મોરે૦ ॥ ૬ ॥

વિસ્તર રે રાયપસેણી સૂત્રમાં રે લાલ,

જિન ઉત્તમ મહારાજ રે લાલ ॥ મોરે૦ ॥

ભાખે રે નિજ મુખ પદ્મની દેશના રે લાલ,

રૂપવિજય પદ કાજ રે લાલ ॥ મોરે૦ ॥ ૭ ॥

---

૧ પ્રદેશીરાજાનો જીવ સૂર્યાભદેવ પ્રભુની ભકિત કરીને છ પ્રશ્ન પૂછે છે :
૧. હું ભવ્ય છું ? કે હું અભવ્ય છું ? ૨. હું સમકિતી છું ? હું મિથ્યાત્વી છું ?
૩. હું ચરમ શરીરી છું ? હું અચરમ શરીરી છું ?
૪. હું સુલભબોધિ છું ? હું દુર્લભબોધિ છું ? ૫. હું આરાધક છું ?
હું વિરાધક છું ? ૬. હું પરિત્તસંસારી છું ? હું અપરિત્ત સંસારી છું ?

૨. દર્પણ.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી રાયપસેણી ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તૃતીય
# શ્રી જીવાભિગમ ઉપાંગસૂત્ર પૂજા ૧૪

॥ દુહો॥

જીવાજીવ પદાર્થનો, અભિગમ જેહથી થાય ॥
જીવાભિગમ ઉપાંગનો, પૂજતાં પાપ પલાય ॥૧॥

*॥ ઢાળ ત્રીજી ॥ શ્રી સિદ્ધપદ આરાધીયે રે-એ દેશી ॥*

ત્રિશાલાનંદન વંદીએ રે, ત્રિભુવન જન આધાર રે ॥ ગુણરસિયા ॥
ત્રિવિધ અવંચક યોગથી રે, સેવી લહો ભવપાર રે ॥ ગુણ૦ ॥ ૧ ॥
જીવાભિગમ ઉપાંગમેં રે, નવ પડિવત્તિ ઉદાર રે
ભાખી ગણધરને મુદા રે, જિનવર જગદાધાર રે ॥ ગુ૦ ॥ ૨ ॥
વિજયદેવ વકતવ્યતા રે, ભાખી બહુ વિસ્તાર રે ॥ ગુ૦ ॥
જિનપૂજા યુકતે કરી રે, લહેશે ભવ નિસ્તાર રે ॥ ગુ૦ ॥ ૩ ॥
નંદીશ્વર દ્વીપે વળી રે, શાશ્વત જિન પ્રાસાદ રે ॥ ગુ૦ ॥
તે પૂજી સુરવર લહે રે, સમકિત શુદ્ધ સંવાદ રે ॥ ગુ૦ ॥ ૪ ॥
શિવસુખદાયી એ શ્રુતે રે, ષડ દ્રવ્ય બહુ અધિકાર રે ॥ ગુ૦ ॥
શ્રદ્ધા[1] ભાસન[2] રમણતા[3] રે, કરી પૂજો નિરધાર રે ॥ ગુ૦ ॥ ૫ ॥
જિન ઉત્તમ મુખ પદ્મની રે, વાણી અમૃતધાર રે ॥ ગુ૦ ॥
રૂપવિજય કહે પીજીએ રે, ધર્મ યૌવન દાતાર રે ॥ ગુ૦ ॥ ૬ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં -શ્રીમતે શ્રી જીવાભિગમ ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

---

૧. દર્શન  ૨. જ્ઞાન ૩. ચારિત્ર.



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચતુર્થ
# શ્રી પન્નવણા ઉપાંગસૂત્ર પૂજા ૧૫

॥ દુહો॥

પન્નાવણામાં પ્રેમથી, પદ છત્રીશ ઉદાર ॥
ભાખ્યાં બહુ અર્થે ભર્યાં, તે પૂજો નરનાર ॥ ૧ ॥

*॥ ઢાળ ચોથી ॥ વેણ મ વાજો રે વીઠલ વારું તુજને,*
*અથવા ભવિ તુમે વંદો રે સૂરીશ્વર ગચ્છરાયા-એ દેશી ॥*

મુનિવર ભણજો રે, સૂત્ર પન્નવણા નામે ॥
ભવિ તુમે સુણજો રે, વધતે શુભ પરિણામે ॥ એ આંકણી ॥
એ આગમની ભકતે પૂજા, કરતાં પાપ પલાય ॥
કુમતિ કુસંગ કુવાસના જાયે, સમકિત નિર્મળ થાય ॥
॥ મુનિ. ॥ ભવિ૦ ॥ ૧ ॥
પન્નવણાને ઠાણ અલ્પબહુ, થિતિ વિશેષ વુકકંતિ[1] ॥
ઉસાસ સન્ના જોણી ચરિમપદ, ભાષાપદ સમરંતી ॥
॥ મુનિ. ॥ ભવિ૦ ॥ ૨ ॥
શરીરપદે પણદેહ[2] પરૂવણ, પરિણામ તેરમો જાણો ॥
કષાય ઈંદ્રિય પ્રયોગ લેશ્યાપદ, ષડ ઉદ્દેશ વખાણો ॥
॥ મુનિ. ॥ ભવિ૦ ॥ ૩ ॥
કાયસ્થિતિ સમકિત અંતકિરિયા, અવગાહન સંઠાણ ॥
કિરિયા કર્મપ્રકૃતિ બંધ વેદન, વેદબંધ પદ જાણ ॥
॥ મુનિ. ॥ ભવિ૦ ॥ ૪ ॥
વેદવેદ આહારને ઉપયોગ, પાસણયા પદ સુણિયે ॥
સન્નિ સંયમ અવધિ ચોત્રીસમો,-પરિચારણા પદ મુણિયે ॥
॥ મુનિ. ॥ ભવિ૦ ॥ ૫ ॥
પરિવેદના ને સમુદ્ઘાત કરી, તુલ્ય કર્મથિતિ કરતા ॥
અંતર મુહૂર્તે યોગ નિરોધી, રૂપવિજય પદ વરતા ॥
॥ મુનિ. ॥ ભવિ૦ ॥ ૬ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી પન્નવણા ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

---

૧. વ્યુત્ક્રાન્તિ. ૨. પાંચ પ્રકારના શરીર



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પંચમ

# શ્રી સૂરપન્નત્તિ ઉપાંગસૂત્ર પૂજા ૧૬

॥ દુહો ॥

સૂરપન્નત્તિ સૂત્રમાં, પદ્મુનાજનક[1] વિચાર ॥
ભાખ્યો સોહમ ગણધરે, ચારતણો વિસ્તાર ॥ ૧ ॥

*॥ ઢાળ પાંચમી - ઓલગડી આદિનાથની જો-એ દેશી ॥*

સૂરપન્નત્તિ ઉપાંગમાં જો, સત્તાવન પાહુડા સાર જો ॥
વીર જિણંદે વખાણિયા જો, તે સુણજો ભવિ નિરધાર જો ॥ સૂ૦ ॥ ૧ ॥

એકસો ચોરાશી ભલાં જો, મંડળ રવિ ચારના ખાસ જો ॥
પાંચસે ને દશ જોયણા જો, મંડળનો ચાર ઉલ્લાસ જો ॥ સૂ૦ ॥ ૨ ॥

દુગ દુગ જોયણ અંતરે જો, નિત્ય ઉગે સવિતા સાર જો ॥
ઉડુપતિ[2] ગ્રહ ઉડુ[3]-તારકા જો, નિજ યોગ્ય ખેતર કરે ચાર જો ॥ સૂ૦ ॥ ૩ ॥

જિનપતિ કલ્યાણક દિને જો, સમકિતી સવિતા ધરી ભાવ જો ॥
ભકતે કરે જિન સેવના જો, ભવવારિધિ તરવા નાવ જો ॥ સૂ૦ ॥ ૪ ॥

સૂરપન્નત્તિ સૂત્રની જો, સેવનાથી કેવળ સૂર જો ॥
જિન ઉત્તમ પદ પદ્મની જો, ભગતે ચિદ્રુપનો પૂર જો ॥ સૂ૦ ॥ ૫ ॥

૧. સૂર્ય. ૨. ચન્દ્ર. ૩. નક્ષત્ર.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી સૂરપન્નત્તિ ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ષષ્ઠ શ્રી
# જંબૂદ્વીપ પન્નતિ ઉપાંગસૂત્ર પૂજા ૧૭

॥ દુહો॥

ચોસઠ સુરપતિ સુરતતિ, સમકિત ધારી સુરંગ ॥
જન્મ મહોત્સવ જિનતણો, કરે મન ધરી ઉછરંગ ॥ ૧ ॥

*॥ ઢાળ છઠ્ઠી ॥ રાગ-સારંગ ॥*

જિન પૂજે હરિ ભકતે કરી ॥ એ આંકણી ॥
દ્રહ નદી ખીર સમુદ્ર કુંડથી, લાવે જળ કળશા ભરી ॥
જળપૂજા જિનરાજની કરતાં, નાવે તે ભવમાં ફરી ॥ જિન૦ ॥ ૧ ॥
કુલગિરિ વખ્ખારા ગજદંતા, દોયસેં તિમ કંચનગિરિ ॥
ઔષધિ કમલ ફૂલ બહુ જાતિનાં, લાવે છાબ ભરી ભરી ॥જિન૦॥ ૨ ॥
ચોસઠ સુરપતિ નિજ નિજ કરણી, કરતા બહુ ભકતે કરી ॥
રાચે નાચે ને વળી માચે, સાચે ભાવે ફરી ફરી ॥ જિન૦ ॥ ૩ ॥
જિન મુખ જોતી પાતક ધોતી, નાચે સુરવહુ મનહરી ॥
ઠમક ઠમક વીંછુઆ ઠમકાવે, ઘમઘમ ઘમકતી ઘૂઘરી ॥ જિન૦ ॥ ૪ ॥
ખલલ ખલલ ચૂડી ખલકાવતી, રણઝણ પાયે નેઉરી ॥
થેઇ થેઇ કરતી દીયે ફૂદડી, લળી લળી નમતી કિંકરી ॥ જિન૦ ॥ ૫ ॥
સુરવર સુરવધૂ ઈંદ્ર ઈંદ્રાણી, માને નિજ સફળી ઘરી ॥
તિણવિધ શ્રાવક શ્રાવિકા જિનની, પૂજા કરે ભવજળ તરી ॥જિન૦ ॥ ૬॥
જંબૂદ્વીપ પન્નત્તિ પાઠ સુણી, કુમતિ કુવાસના પરિહરી ॥
રૂપવિજય કહે કરજો પૂજા, શિવવહુ સેજ રમણ કરી ॥ જિન૦ ॥ ૭ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં -શ્રીમતે જંબૂદ્વીપ પન્નતિ ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

 પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સપ્તમ

# શ્રી ચંદપન્નત્તિ ઉપાંગસૂત્ર પૂજા ૧૮

॥ દુહો॥

ચંદપન્નત્તિ સૂત્રમાં, જ્યોતિષ ચાર વિચાર ॥
શીખો ગુરુ સેવા કરી, જિમ લહો અર્થ ઉદાર ॥ ૧ ॥

*॥ ઢાળ સાતમી ॥*

*॥ ઊભો રહેને ગોવાળીયા, ત્હારી વાંસલી મીઠી વાય-એ દેશી ॥*

ઊભો રહેને હો જીઉરા, તું તો સાંભળ આગમ વાણ ॥
કામ ક્રોધને છાંડીને નિત્ય, અનુભવ દિલડે આણ ॥ ઊ૦ ॥ ૧ ॥

અમૃતરસથી મીઠડી, એ તો ગણધર મુખની ભાખ ॥
રોમ રોમ રસ સંચરે, જીમ સાકર સરખી સાખ ॥ ઊ૦ ॥ ૨ ॥

ચંદપન્નત્તિ સૂત્રના, કહ્યા પાહુડા સરસ પૈચ્ચાસ ॥
સાંભળતાં મન રીઝશે, નિત વધશે જ્ઞાન અભ્યાસ ॥ ઊ૦ ॥ ૩ ॥

શ્રાવણ વદી પડવા થકી, ઘડી દિવસ માસ ઋતુ ખાસ ॥
અયન સંવત્સર જુગતણી, નિત્ય કરી કલના અભ્યાસ ॥ ઊ૦ ॥ ૪ ॥

સંખ્ય અસંખ્ય અનંતતા, કહી કાળની કલના તીન ॥
તથાભવ્ય પરિપાકથી, થા શિવસુંદરી રસ લીન ॥ ઊ૦ ॥ ૫ ॥

જિન ઉત્તમ મુખ પદ્મથી, સુણી ચંદપન્નત્તિ સાર ॥
પૂજી ધ્યાયી પામજે, નિજરૂપ વિજય જયકાર ॥ ઊ૦ ॥ ૬ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી ચંદપન્નત્તિ ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અષ્ટમ

# શ્રી નિરયાવલિ ઉપાંગ સૂત્ર પૂજા ૧૯

॥ દુહો॥

આશા દાસી વશ પડયા, જડયા કર્મ જંજીર ॥
પરિગ્રહ ભાર ભરે નડયા, સહે નરકની પીર ॥ ૧ ॥

*॥ ઢાળ આઠમી ॥ મધુકર માધવને કહેજો-એ દેશી ॥*

પરિગ્રહ ભાર ભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખ ખાણી ॥
જસ મતિ લોભે લલચાણી રે, ચેતન ચતુર સુણો ભાઇ,
લોભ દશા તજો દુઃખદાયી રે ॥ ચેતન૦ ॥ ૧ ॥

લોભે લાલચ જાસ ઘણી, પરિણતિ નીચી તાસ તણી,
લટપટ કરે બહુ લોક ભણી રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૨ ॥

લોભી દેશ વિદેશ ભમે, ધન કારણ નિજ દેહ દમે,
તડકા ટાઢનાં દુઃખ ખમે રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૩ ॥

લોભે પુત્ર પિતા ઝગડે, લોભે નરપતિ રહે વગડે,
લોભે બંધવ જોર લડે રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૪ ॥

હાર હાથી લોભે લીનો, કોણિકે સંગર[1] બહુ કીનો,
માતામહને દુઃખ દીનો રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૫ ॥

લોભારંભે બહુ નડિયા, કાલાદિક નરકે પડિયા,
નિરયાવલિ પાઠે ચડિયા રે ॥ ચે૦ ॥ લો૦ ॥ ૬ ॥

લોભ તજી સંવર કરજો, ગુરુપદ પદ્મને અનુસરજો,
રૂપવિજય પદને વરજો ॥ ચે૦ ॥ લો૦ ॥ ૭ ॥

---

૧. યુદ્ધ

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં શ્રીમતે શ્રી નિરયાવલિ ઉપાંગ સૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

 પરિચય માટે જુઓ છેલ્લે

जैन साईट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નવમ

# શ્રી કપ્પવડંસિયા ઉપાંગ સૂત્ર પૂજા ૨૦

॥ દુહો ॥

કપ્પવડંસિયા સૂત્રમાં, જે ભાખ્યા અણગાર ॥
તસ પદ પદ્મ વંદન કરૂં, દિવસમાંહે સો વાર ॥ ૧ ॥

*॥ ઢાળ નવમી ॥ સખી પડવા તે પહેલી જાણો રે-એ દેશી ॥*

શાસનપતિ વીર જિણંદ રે, સુણી દેશના મન આણંદ રે,
લહ્યા ચારિત્ર ગુણ મકરંદ ॥ વાલા હો, સાંભળો જિન વાણી રે,
આગમ અનુભવ રસ ખાણી ॥ વા.આ.॥ ૧ ॥

શ્રેણિકસુત કાલકુમાર રે, પમુહા દશ મહા જુઝાર રે,
નંદન તેહના દશ સાર ॥ વા. આ. ॥ ૨ ॥

પદ્માદિક દશ ગુણ ભરિયા રે, સંયમ રમણીને વરિયા રે,
ભવસાયર પાર ઉતરિયા ॥ વા. આ. ॥ ૩ ॥

જેણે માયા મમતા છોડી રે, એ તો સંયમ રથના ધોરી રે,
વરશે શિવસુંદરી ગોરી ॥ વા. આ. ॥ ૪ ॥

નાક[1] નવમ અગ્યારમો છંડી રે, દશ દેવલોકે રઢ મંડી રે,
થયા સુરવર પાપને ખંડી ॥ વા. આ. ॥ ૫ ॥

વિદેહે પરમ પદ વરશે રે, એ સૂત્રને જે અનુસરશે રે,
તે ભવસાગરને તરશે ॥ વા. આ. ॥ ૬ ॥

શ્રી પદ્મવિજય ગુરુરાયા રે, સેવાથી આગમ પાયા રે,
કવિ રૂપવિજય ગુણ ગાયા ॥ વા. આ. ॥ ૭ ॥

---

૧. દેવલોક

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી કપ્પવડંસિયા ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દશમ

# શ્રી પુષ્ફિયા ઉપાંગ સૂત્ર પૂજા ૨૧

॥ દુહો॥

પુષ્ફિયા સૂત્રની પૂજના, કરજો પંચ પ્રકાર ॥
જૈનાગમની પૂજના, શિવસુખ ફળ દાતાર ॥ ૧ ॥

*॥ ઢાળ દશમી ॥*

*બાચકે બાચકે પૂણી આપે, વહુ ચૂલામાં ચાંપે રે, મોરી સહી રે સમાણી–એ દેશી॥*

જિનવર શ્રી મહાવીરને વંદી, સુરિયાભ પરે આણંદી રે સમકિત ગુણધારી ॥
જિન ઉત્તમ મુખપદ્મની વાણી, સાંભળી હિયડે હરખાણી રે ॥સમ૦॥૧॥
સોહમ દેવલોકની વસનારી, બહુપુત્રિકા દેવી સારી રે ॥ સમ૦ ॥
બત્રીશબદ્ધ નાટક મંડાણ, કરે જિનગુણને બહુમાન રે ॥ સમ૦ ॥ ૨ ॥
દેવકુમર કુમરી તિહાં નાચે, જિન મુખડું જોઇ જોઇ માચે રે ॥ સમ૦ ॥
નાચે ઠમક ઠમક પદ ધરતી, તત થેઇ થેઇ નાટક કરતી રે ॥સમ૦॥૩॥
તાલ કંસાલ મુરજ ડફ વીણા, સારંગીના સ્વર ઝીણા રે ॥ સમ૦ ॥
ભેરી શ્રીમંડલ શરણાઇ, સ્વરમાં જિનવર ગુણ ગાઇ રે ॥ સમ૦ ॥ ૪ ॥
સમકિત કરણી ભવજળ તરણી, શિવમંદિર નિસરણી રે ॥ સમ૦ ॥
બહુપુત્તિયા દેવી ભવ તરશે, ત્રીજે ભવે શિવસુખ વરશે રે ॥સમ૦॥ ૫ ॥
પુષ્ફિઆ સૂત્રનાં દશ અજ્ઝયણાં, એ તો શ્રી જિનરાજના વયણાં રે ॥સમ૦॥
પૂજે ભાવે જે નરનારી, તે રૂપવિજય પદ ધારી રે ॥ સમ૦ ॥ ૬ ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી પુષ્ફિયા ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# એકાદશ
# શ્રી પુષ્ફચૂલિયા ઉપાંગસૂત્ર પૂજા ૨૨

॥ દુહો ॥

પુષ્ફચૂલિયા સૂત્રમાં, શ્રી ધૃતિ કીર્ત્તિ બુદ્ધિ ॥
દશ દેવી જિન ભક્તિથી, લગતે ભવે લહે સિદ્ધિ ॥ ૧ ॥

*॥ ઢાળ અગીયારમી ॥*

*ખતરાં દૂર કરના, ધ્યાન શાંતિજીકા ધરના-એ દેશી ॥*

જિન પૂજા ભવતરણી, પૂજા ભવતરણી, શિવમંદિર નિસરણી ॥પૂજા૦॥
જલ ચંદન કુસુમાવલી ધરણી, ધૂપ દીપતતિ કરણી ॥ પૂજા૦ ॥ ૧ ॥
અક્ષત નૈવેદ્ય ફલસેં વરણી, ભવસાયર ઉતરણી ॥ પૂજા૦ ॥
સમકિત ધારીકું આચરણી, કુમતિકું રવિ ભરણી[1] ॥પૂજા૦॥ ૨ ॥
સિરી હિરી ધૃતિ દેવી આચરણી, અવિધિ દોષ નીઝરણી ॥ પૂજા૦ ॥
બત્રીસબદ્ધ નાટકની કરણી, કરી શિવ લાડીવરણી ॥ પૂજા૦ ॥ ૩ ॥
અવિધિ આશાતના દોષની ખરણી, સંવર નૃપની ઘરણી[2] ॥ પૂજા૦ ॥
ભાવ થકી નિત્ય નિત્ય આચરણી, ચઉપંચમગુણ ઠરણી ॥ પૂજા૦ ॥ ૪ ॥
કાઉસ્સગ્ગધ્યાને મુનિકું વરણી, પાપ સંતાપકી હરણી ॥ પૂજા૦ ॥
શ્રી ગુરુ પદ્મવિજય મુખ વરણી, રૂપવિજય સુખ કરણી ॥ પૂજા૦ ॥ ૫ ॥

---

૧. ભરણીનક્ષત્રનો સૂર્ય આંખ ન મંડાય તેવો હોય છે.
૨. ગૃહિણી.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં- શ્રીમતે શ્રી પુષ્ફચૂલિયા ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

 પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દ્વાદશ

# ।। શ્રી વહ્નિદશા ઉપાંગસૂત્ર પૂજા ।। ૨૩

### ।। દુહો ।।

ચારિત્ર નિરતિચાર જે, પાળે નિર્મળ મન્ન ।।
નિષધાદિક મુનિવર પરે, સરવારથ ઉપપન્ન ।। ૧ ।।
વહ્નિદશામાં વરણવ્યા, નિષધાદિક મુનિ બાર ।।
કરજોડી તેહને સદા, વંદુ વાર હજાર ।। ૨ ।।

*।। ઢાળ બારમી ।। વંદો વીર જિનેશ્વર રાયા-એ દેશી*

પૂજો રે ભવિયા જિન સુખદાયી, જે અક્રોહી અમાયી રે ।।
અવિનાશી અકલંક મનોહર, તિન ભુવન ઠકુરાઈ રે ।। પૂજો૦ ।। ૧ ।।

નેમિ જિનેશ્વર વચન અમૃત રસ, પીવા બુદ્ધિ ઠરાઈ રે ।।
નિષધ કુમારાદિક મુનિ દ્વાદશ, લિયે સંયમ લય લાઈ રે ।।પૂજો૦।।૨।।
અગિયાર અંગ સુરંગ ભણીને, ચરણ કરણ થિર ઠાઈ રે ।।
સરવારથ-સિદ્ધે થયા સુરવર, લવસત્તમિયા જાઈ રે ।। પૂજો૦ ।। ૩ ।।

બાર અજઝયણે વહ્નિદશામેં, કહે સોહમ સુખદાયી રે ।।
એ આગમને પૂજો ધ્યાવો, ગાવો હરખ ભરાઈ રે ।। પૂજો૦ ।। ૪ ।।

સત્ય કપૂર ખિમા જિન ઉત્તમ, પદ્મવિજય ગુરુ પાયી રે ।।
અનુભવ યોગે રૂપવિજય ગણિ, આગમ પૂજા ગાયી રે ।। પૂજો૦ ।। ૫ ।।

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી વહ્નિદશા ઉપાંગસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ।।


પરિચય માટે જુઓ છેલ્લે

JAINSITE.com जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ॥ દશ પયન્ના પૂજા ॥

## પ્રથમ શ્રી ચઉસરણ પયન્ના સૂત્ર પૂજા ૨૪

॥ દુહો ॥

શ્રુતધર વીર જિણંદના, ચઉદ સહસ અણગાર ॥
પ્રત્યેક બુદ્ધ તેણે રચ્યા, પઈન્ના ચઉદ હજાર ॥ ૧ ॥
સંપ્રતિ પણ વરતે ઘણા, પણ દશનો પડઘોષ
તે આગમને પૂજતો, કરે પુણ્યનો પોષ ॥ ૨ ॥

*॥ ઢાળ પહેલી ॥ જગજીવન જગવાલહો-એ દેશી ॥*

ચારિત્ર શુદ્ધ આરાધના, સામાયિકથી થાય લાલ રે ॥
સાવદ્ય યોગને છાંડતાં, પાતક દૂર પલાય લાલ રે ॥ ચા. ॥ ૧ ॥
દર્શનાચારની શુદ્ધતા, ચઉવીસથ્થે થાય લાલ રે ॥
ગુણ ગાતાં જિનરાજના, સમકિત દૂષણ જાય લાલ રે ॥ ચા. ॥ ૨ ॥
જ્ઞાન દર્શન ચારિત્રના, આરાધક ગુરુરાય લાલ રે ॥
દ્વાદશાવર્ત વંદન કરી, પૂજજે શ્રી ગુરુરાય લાલ રે ॥ ચા. ॥ ૩ ॥
અતિક્રમ વ્યતિક્રમ વ્રતતણાં, દર્શન ચરણને નાણ લાલ રે ॥
તેહનાં દૂષણ છંડિયે, પડિક્કમણું તે જાણ લાલ રે ॥ ચા. ॥ ૪ ॥
વ્રણ રૂઝે જેમ પટ્ટિએ, તિમ કાઉસગ્ગે દોષ લાલ રે ॥
પડિકકમતાં બાકી રહ્યા, કરીજે તેહનો શોષ લાલ રે ॥ ચા. ॥ ૫ ॥
ગુણ ધારણ કરવા ભણી, કરજે દશ પચ્ચક્ખાણ લાલ રે ॥
વીર્યાચાર વિશુદ્ધતા, કરી સઘલે સુહઝાણ લાલ રે ॥ ચા. ॥ ૬ ॥
ચઉશરણે જિનરાજની, પૂજના કરશે જેહ લાલ રે ॥
જિન ઉત્તમ પદ પદ્મની, રૂપવિજય લહે તેહ લાલ રે ॥ ચા. ॥ ૭ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી ચઉસરણ પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દ્વિતીય
# શ્રી આઉર પચ્ચક્ખાણ પયન્ના સૂત્ર પૂજા ૨૫

॥ દુહો॥

રાગ દ્વેષને છેદજે, ભેદજે આઠે કર્મ ॥
સ્નાતક પદને અનુસરી, ભજજે શાશ્વત શર્મ ॥ ૧ ॥

*॥ ઢાળ બીજી ॥*

*॥ ઈડર આંબા આંબલી રે, ઈડર દાડિમ દ્રાખ-એ દેશી ॥*

દેશવિરતિ ગુણઠાણમેં રે, વરતે શ્રાવક જેહ ॥
આણંદાદિકની પરે રે, તજે મિથ્યાત્વને તેહ ॥ ૧ ॥
સુગુણ નર, પૂજો શ્રી જિનદેવ – એ આંકણી ॥
બારે વ્રતના પરિહરે રે, પ્રત્યેકે અતિચાર ॥
કરમાદાન પન્નર તજી રે, સમકિતના પંચ છાર ॥ સુ. ॥ ૨ ॥
જ્ઞાન દર્શન ચારિત્રના રે, તપ વીરજના જેહ ॥
અતિચાર અલગા કરી રે, ભજ જિનવર ગુણગેહ ॥ સુ. ॥ ૩ ॥
પારંગત પદ પૂજીયે રે, તજી ત્રેસઠ[1] દુર્ધ્યાન ॥
ઇન્દ્રિય કષાયને ઝીપીને રે, પામે સમકિતજ્ઞાન ॥ સુ. ॥ ૪ ॥
આઉર પચ્ચક્ખાણ સૂત્રની રે, કરે આરાધના જેહ ॥
ત્રીજે ભવે શિવ સંપદા રે, નિશ્ચય પામે તેહ ॥ સુ. ॥ ૫ ॥
તેણે એ સૂત્રની પૂજના રે, કરજો ધરી સુહ ઝાણ ॥
રૂપવિજય કહે પામજો રે, શાશ્વત સુખ નિર્વાણ ॥ સુ. ॥ ૬ ॥

---

૧. ૬૩ દુર્ધ્યાન અજ્ઞાન, અનાચાર વગેરે આઉર પચ્ચક્ખાણ સૂત્રમાં વર્ણવ્યા છે.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં-શ્રીમતે આઉર પચ્ચક્ખાણ પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તૃતીય
## શ્રી મહાપચ્ચક્ખાણ પયન્ના સૂત્ર પૂજા ૨૬

॥ દુહા॥

મહાપચ્ચક્ખાણ પયન્નમાં, પંડિત વીરજવંત ॥
અનશન શુદ્ધ આરાધતાં, હોય મુનિ શિવવધૂકંત ॥ ૧ ॥

*॥ ઢાળ ત્રીજી ॥*

*આવો હરિ લાસરીયા વાલા-એ દેશી ॥*

પૂજા જિનરાજતણી કરીએ, ચોરાશી આશાતના હરીયે,
જુગતિથી અષ્ટ દ્રવ્ય ધરીયે ॥ પૂજા. ॥ ૧ ॥
આણા શ્રી જિનવરની કરિયે, મિથ્યા શ્રુત દૂરે પરિહરિયે,
જિનાગમ પૂજા અનુસરિયે ॥ પૂજા. ॥ ૨ ॥
દર્શન જ્ઞાન ચરણ જેહ, સંયમ તપ સંવર ગેહ,
કહી જિન ભાવપૂજા એહ ॥ પૂજા. ॥ ૩ ॥
મુનીશ્વર તેહના અધિકારી, નિયાણા નંદના[1] પરિહારી,
નમો નમો સંયમ ગુણધારી ॥ પૂજા. ॥ ૪ ॥
સંવરમેં મન જાસ રમે, ક્રોધ દાવાનલ તાસ શમે,
તેહને અણસણ તીન[2] ગમે ॥ પૂજા. ॥ ૫ ॥
પંચપરમેષ્ઠિની પૂજા, જે કરે તસ પાતક ધ્રૂજયાં,
કર્મ અરિ સાથે તે ઝૂઝયા ॥ પૂજા. ॥ ૬ ॥
જિન ઉત્તમ પૂજન કરિએ, તસ પદ પદ્મને અનુસરિયે,
રૂપવિજય શિવપદ વરીયે ॥ પૂજા. ॥ ૭ ॥

૧. નવ, ૨. ભત્તપરિજ્ઞા, ઈંગિની, પાદપોપગમન.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં-શ્રીમતે શ્રી મહાપચ્ચક્ખાણ પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥


પરિચય માટે જુઓ છેલ્લે

જૈનં જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચતુર્થ

# શ્રી ભત્તપરિજ્ઞા પયન્ના સૂત્ર પૂજા ૨૭

॥ દુહા ॥

જિન આણા આરાધતાં, તપ જપ કિરિયા જેહ ॥
ભત્તપરિજ્ઞા સૂત્રમાં, કહ્યું શિવપદ લહે તેહ ॥ ૧ ॥

*॥ ઢાળ ચોથી ॥*

*મોહનગારા રાજ રૂડા, મ્હારા સાંભળ સલુણા સુડા-એ દેશી ॥*

ત્રિકરણ યોગ સમારીનેજી, આલોઇ અતિચાર ॥
સંવર જોગે સંવરીજી, કરી શુચિ તન મન સાર કે
મોહનગારા રાજ વંદો, જિનરાજ પરમ સુખકંદો ॥ ૧ ॥ એ આંકણી ॥

કૃષ્ણનાગ મહામંત્રથીજી, પામે ઉપશમ જેમ ॥
જિનપૂજા પ્રણિધાનથીજી, મન ઉપશમ લહે તેમ કે ॥ મો. ॥ ૨ ॥

કામ સ્નેહ ને દિઠ્ઠિનાજી, નવલા છંડી રાગ ॥
ધર્મરાગ વાસિત મને જી, પામે ભવજળ તાગ કે ॥ મો. ॥ ૩ ॥

સમકિત નિર્મલ કારણેજી, જિનપૂજા નિરધાર ॥
નાગકેતુ પરે જે કરે જી, તે લહે ભવજળ પાર કે ॥ મો. ॥ ૪ ॥

અરિહંત સિદ્ધ ને ચૈત્યનીજી, પ્રવચન સૂરિ સાધ ॥
ષટપદ પૂજી ભાવથીજી, તર સંસાર અગાધ કે ॥ મો. ॥ ૫ ॥

શ્રી ગુરુ પદ્મવિજય મુખે જી, ભત્તપયન્નુ સાર ॥
સાંભળીને જે પૂજશે જી, તસ ચિદ્રૂપ અપાર કે ॥ મો. ॥ ૬ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં-શ્રીમતે શ્રી ભત્તપરિજ્ઞા પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ય યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પંચમ

# શ્રી તંદુલવેયાલીપયન્ના સૂત્ર પૂજાર૮

॥ દુહા॥

જન્મ જરા મરણે કરી, ભમિયો જીઉ સંસાર ॥
કિમહિક જોગે નરભવ લહ્યો, તો કર ધર્મ ઉદાર ॥ ૧ ॥

*॥ ઢાળ પાંચમી ॥*

*શીતલ જિન સહજાનંદી-એ દેશી ॥*

શ્રી જિનવર જગદાધાર, અડ પ્રાતિહારજ સાર
ચઉવિધ સુર સેવાકાર, એક કોડી જઘન્ય વિચાર
ભવિકજન પૂજીયે જિનરાજા,
જિમ લહિયે શિવસુખ તાજા ॥ ભ. ॥ એ આંકણી ॥ ॥ ૧ ॥
પંચવરણી કુસુમની માલ, જિમ કંઠે ઠવો સુરસાલ
ગુણ ગાવો ભાવ વિશાલ, શિવરમણી વરો તત્કાલ ॥ ભ. ॥ ૨ ॥
અશુચિ પુદ્ગલથી ભરીયો, દેહ ઔદારિક દુઃખ દરિયો ॥
નરભવ શુચિપદ અનુસરિયો, જિનભકિત કરી ભવ તરિયો ॥ ભ.॥ ૩ ॥
જિનવર પૂજા પ્રભાવે, દુઃખ દોહગ ઉદય ન આવે,
જિનવર પદવી ભલી પાવે, તસ સુરવધૂ મળી ગુણ ગાવે. ॥ ભ. ॥ ૪ ॥
તંદુલવિયાલી મઝાર, કહ્યો ગર્ભ તણો અધિકાર,
તે સાંભળી ધર્મ વિચાર, કરી પામો ભવજળ પાર ॥ ભ. ॥ ૫ ॥
જિનવર મુખ પદ્મની વાણી, સાંભળી વરો શિવ પટરાણી,
જિમ દુઃખ દોહગ હોય હાણી, લહે રૂપવિજય સુખખાણી ॥ ભ. ॥ ૬ ॥

ઓં હ્રીં શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં- શ્રીમતે શ્રી તંદુલવેયાલીપયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા।



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ગણિવિજજા પયન્ના સૂત્ર પૂજા ૨૯

॥ દુહો॥

તિથિ વાર કરણે ભલું, શુભ મુહૂર્ત લઈ જેહ ॥
સાધે ધર્મ સોહામણો, નિશ્ચય ફલ લહે તેહ ॥ ૧ ॥

*॥ ઢાળ છટ્ઠી ॥*

*અરણિક મુનિવર ચાલ્યા ગોચરી-એ દેશી ॥*

સમકિતધારી રે નરનારી મળી, અવિધિ દોષ સવિ ટાળી રે
જિનવર પૂજા રે જુકિત થકી કરો, આગમ રીત સંભાળી રે ॥ ૧ ॥
શ્રી જિન પૂજો રે ભાવે ભવિજન ॥ એ આંકણી ॥
અંગ ચડાવો રે કેશર કુસુમને, કસ્તૂરીને બરાસો રે ॥
રતન જડિત સુંદર આભૂષણે, પૂજો મનને ઉલ્લાસો રે ॥ શ્રી. ॥ ૨ ॥
ધૂપ દીપ નૈવેદ્ય ને ફલ ઠવો, જિન આગળ ધરી રાગ રે ॥
વીર્ય ઉલ્લાસે રે નિત્ય પૂજા કરે, તે પામે ભવ તાગ રે ॥ શ્રી. ॥ ૩ ॥
જિનગુણ સ્તુતિ કરતાં મન નિર્મલું, તેહિ જ શિવસુખ મૂલ રે ॥
સંવર વાધે રે સાધે સિદ્ધિને, લહે શિવસુખ અનુકૂળ રે ॥ શ્રી. ॥ ૪ ॥
ગણિવિજજા સૂત્રે મન થિર કરી, આરાધો નરનારી રે ॥
જિન ઉત્તમ પદ પદ્મને પૂજતાં, લહો ચિદ્રૂપ ઉદાર રે ॥ શ્રી. ॥ ૫ ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં-શ્રીમતે શ્રી ગણિવિજજા પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સપ્તમ

# શ્રી ચંદાવિજય પયન્ના સૂત્ર પૂજા ૩૦

॥ દુહો ॥

કેવળનાણ દર્શનધરા, ત્રણ્ય જગત શિરતાજ ॥
લોકાલોક પ્રકાશકર, નમો સકલ જિનરાજ ॥૧॥

*॥ ઢાળ સાતમી ॥*

*કાંઈ બનડી રે કાજે બનડો અડ રહ્યો વારૂજી - એ દેશી ॥*

જિનવર પૂજો જયકારી, જે ત્રણ્ય ભુવન ઉપકારી રે ॥
દિલડો અડ રહ્યો વારૂજી ॥
ત્રણ્ય નિસિહી પ્રદક્ષિણા સારી, કરી તીન પ્રણામ વિચારી રે
દિલડો અડ રહ્યો વારૂજી, જિનરાજ ભક્તિને કાજે ॥ દિ. ॥ ૧ ॥
તિવિહા પૂજા હિતકારી, ત્રણ્ય ભાવ અવસ્થા પ્યારી ॥ દિ.॥
ત્રિદિશિ નિરખણ પરિહારી, જિન સનમુખ અંબક[1] ધારી રે ॥ દિ.॥ ૨ ॥
પય ભૂમિ તિહાં પ્રમાર્જી, જિન પૂજા કરજે તાજી રે ॥ દિ.॥
આલંબન તીન વિચારી, કરી મુદ્રાત્રિક મનોહારી રે ॥ દિ. ॥ ૩ ॥
ઈંદ્રિય ચંચળતા છારી, પ્રણિધાન સમર ત્રણ ધારી રે ॥ દિ.॥
નાણ દંસણ ચરણ વિચારી, કરો જિનપૂજા મનોહારી રે ॥ દિ. ॥ ૪ ॥
ચંદાવિજય શ્રુતધારી, અણગારની જાઉં બલિહારી રે ॥ દિ.॥
શ્રી જિન ઉત્તમ દિલધારી, લહો રૂપવિજય નરનારી રે ॥ દિ. ॥ ૫ ॥

૧. નેત્ર

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં- શ્રીમતે શ્રી ચંદાવિજય પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અષ્ટમ

# શ્રી દેવેન્દ્રસ્તવ પયન્ના પૂજા ૩૧

॥ દુહો ॥

ચઉવિહ દેવ નિકાયના, ઈંદ્ર વૃંદ નમે જાસ ॥
તે જિનરાજને પૂજતાં, પાપ તાપ હોય નાશ ॥ ૧ ॥

*॥ ઢાળ આઠમી ॥*

*ગુણશીલ વનમાં દેશના કાંઈ, ભાખે સોહમ સ્વામી રે... એ દેશી ॥*

સુરપતિ સઘળા નિજ નિજ પરિકર, સાથે સુરગિરિ શૃંગ રે ॥
શ્રી જિનરાજની પૂજા કરવા, આવે અતિ ઉછરંગ ॥ ૧ ॥
સુરપતિ રસિયા રે, જિનરાજ પૂજા નવરંગ કરે ઉલ્લસિયા રે, એ આંકણી -
પંચ રૂપ કરી હરિ જિનઘરથી, ધરતો વિનય અમંદ રે;
સુરવર સાથે જિન ગ્રહી હાથે, આવે મેરુ ગિરીંદ ॥ સુ૦ ॥ જિ૦ ॥ ૨ ॥
ઔષધિ મિશ્રિત તીરથ જળથી, કળશા ભરી મનોહાર રે;
પારંગતનું અંગ પખાળી, કરે આતમ નિસ્તાર ॥ સુ૦ ॥ જિ૦ ॥ ૩ ॥
બાવના ચંદને જિન તનુ ચરચી, પહેરાવે ફૂલમાળા રે;
સુરબાળા જિનવર ગુણ માળા, ગાવે રંગ રસાળા ॥ સુ૦ ॥ જિ૦ ॥ ૪ ॥
તિણવિધ ભાવિક શ્રાવક ભકતે, પૂજે પ્રભુપદ પદ્મ રે;
રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયે, લહે શાશ્વત શિવસદ્મ;
સુરપતિ રસિયા રે, જિનરાજ પૂજા નવરંગ કરે ઉલ્લસિયા રે ॥ જિ૦ ॥ ૫ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી દેવેન્દ્રસ્તવ પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવમ

# શ્રી મરણસમાધિ પયન્ના પૂજા ૩૨

॥ દુહો॥

સાધન સાધે સિદ્ધિનાં, સાવધાનપણે સાર ॥
તે મુનિવર આરાધના, કરી પામે ભવપાર ॥ ૧ ॥

॥ ઢાળ નવમી ॥

અનેહાં રે ગોકુલ ગામને ગોંદરે... એ દેશી ॥

અનેહાં રે સિદ્ધ નિરંજન પૂજતાં રે, પાતક દૂર પલાય;
પૂજક પૂજ્યની પૂજના રે, કરતાં પૂજ્ય તે થાય ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥
અનેહાં રે દંસણ નાણ ચરણતણી રે, હોયે આરાહણ ખાસ;
શ્રી જિનરાજ પૂજા થકી રે, ચિર સંચિત અઘનાશ ॥ સિદ્ધ૦ ॥ ૨ ॥
અનેહાં રે સાધન જોગથી સંપજે રે, સાધ્યપણું નિરધાર;
ધ્યાતા ધ્યેયના ધ્યાનથી રે, ધ્યેય હોયે જગસાર ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥
અનેહાં રે તિવિહા પૂજા એ પૂજ્યની રે, કરતાં જિનપદ થાય;
તિવિહ અવંચક જોગથી રે, ભાવ પૂજાશું ઠહરાય ॥ સિદ્ધ૦ ॥ ૪ ॥
અનેહાં રે જિન ઉત્તમપદ પદ્મની રે, પૂજના કરશે જેહ;
રૂપવિજય પદ સંપદા રે, અવિચળ લહેશે તેહ ॥ સિદ્ધ૦ ॥ ૫ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં-શ્રીમતે શ્રી મરણસમાધિ પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દશમ

# શ્રી સંથાર પયન્ના પૂજા ૩૩

॥ દુહા ॥

ભાવ તીરથ આધાર છે, જંગમ તીરથ સાર ॥
થાવર તીર્થ અસંખ્યમાં, મુખ્ય શત્રુંજય ગિરનાર ॥ ૧ ॥
પાદપોપ અણસણ કરી સિદ્ધિ લહ્યા જિન સર્વ ॥
તે જિનવરની પૂજના, કરીએ મૂકી ગર્વ ॥ ૨ ॥

*॥ ઢાળ દશમી ॥ ગોકુળ મથુરાં રે વાલા... એ દેશી ॥*

ત્રિશલા નંદન રે દેહે, રચિયે પૂજા અધિકે નેહે ॥
નવ નવ ભાંતે રે કરિયે, જિમ ભવસાયર હેલે તરિયે ॥ ૧ ॥
ચેતન પ્યારા રે મહારા, જિનપૂજા કરી લહો ભવપારા ॥
॥ ચેતન૦ ॥ એ આંકણી ॥
ન્હવણ કરો રે મનરંગે, ચરચો કેસર પ્રભુ નવ અંગે ॥
ફૂલની ફુટડી રે માળા, કંઠે ઠવો પંચરંગ રસાળા ॥ ચેતન૦ ॥ ૨ ॥
ધૂપ દીપ રે મનોહાર, અક્ષત નૈવેદ્ય ફળ સુરસાળ ॥
જિનવર જગ રે શણગાર, ગાવો ગીત જ્ઞાન મનોહાર ॥ ચેતન૦ ॥ ૩ ॥
દરિસણ ચરણ ને નાણ, તપ એ ચઉહા પૂજા જાણ ॥
આરાધક તે રે કહીયે, પૂજા દ્વાદશ ભેદે લહિયે ॥ ચેતન૦ ॥ ૪ ॥
પાદપોપ પદ રે ધારી, વરિયા જિન ઉત્તમ શિવનારી ॥
તસ પદ પદ્મને રે વંદો, રૂપવિજય પદ લહી આણંદો ॥ ચેતન૦ ॥ ૫ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં-શ્રીમતે શ્રી સંથાર પયન્નાસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી ૭ છેદસૂત્ર પૂજા ॥

## ॥ પ્રથમ શ્રી દશાશ્રુતસ્કંધ છેદસૂત્ર પૂજા ॥ ૩૪

॥ દુહા ॥

ષડ્વ્રત પાલક મુનિ તણા, ભાખ્યા ષટ્ શ્રુત જેહ ॥
છેદ સૂત્ર તે જાણિયે, ધરિયે તેહશું નેહ ॥ ૧ ॥
શ્રુત શ્રુતપદ દાયકતણી, પૂજા વિવિધ પ્રકાર ॥
કરતા જિનપદ પામિયે, સકલ જંતુ હિતકાર ॥ ૨ ॥

*॥ ઢાળ પહેલી ॥*

*હરખી હરખીજી, હું તો હરખી રે નીરખીજી... એ દેશી ॥*

જિનવરની જિનવરની, પૂજા કીજે લાલ જિનવરની ॥
શિવમંદિર નિસરણી ॥પૂજા૦॥ એ આંકણી ॥
નામ ગોત્ર જિનવરનાં કાને, સુણતાં પાપ પલાય ॥
તે જિનવરની ભાવે પૂજા, કરતાં શિવસુખ થાય ॥ પૂજા૦ ॥ ૧ ॥
જિન આણા રંગી ગુણી સંગી, આંગી જેહ રચાવે ॥
સકલ વિભાવ અભાવ કરીને, જિનવર લીલા પાવે ॥ પૂજા૦ ॥ ૨ ॥
શ્રેણિકરાયે વીર જિણંદની, ભક્તિ કરી બહુ માને ॥
તીર્થંકર પદ નિર્મળ બાંધ્યું, જિનપૂજા પ્રણિધાને ॥ પૂજા૦ ॥ ૩ ॥
નમનાભિગમન વંદન કરણી, થય થુઈ મંગલ સાર ॥
ભાવ સ્થાપના જિનને કરતાં, લહીએ ભવજલ પાર ॥ પૂજા૦ ॥ ૪ ॥
દશા સૂત્રનાં દશ અજઝયણાં, ગુરુ મુખ પદ્મથી જાણી ॥
રૂપવિજય કહે સંયમ સાધો, વરવા શિવ પટરાણી ॥ પૂજા૦ ॥ ૫ ॥

ઓં હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી દશાશ્રુતસ્કંધસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્વિતીય
# શ્રી બૃહત્કલ્પસૂત્ર પૂજા ૩૫

॥ દુહો ॥

બૃહત્કલ્પમાં ભાખિયા, મુનિવરના આચાર ॥
કલ્પાકલ્પ વિભાગથી, શ્રી જિનવરે નિરધાર ॥ ૧ ॥

*॥ ઢાળ બીજી ॥*

*ના કરીયેજી નેડો ના કરીયેજી, નિગુણાશું રે નેડો ના કરીએ એ... દેશી ॥*

નિત્ય કરિયેજી પૂજા નિત્ય કરિયેજી, વિધિયોગે રે પૂજા નિત્ય કરિયે ॥
ભવસાયર જિમ ઝટ તરિયેજી ॥ વિધિ૦ ॥ એ આંકણી ॥
તદ્ગતચિત્ત સમય અનુસારે, ભાવ ભકિત મન અનુસરિયેજી ॥વિધિ૦॥
સંવર યોગમાં ચિત્ત લગાઈ, ષટ્ પલિમંથ[1] દૂરે કરિયેજી ॥ વિધિ૦ ॥૧॥
સંયમનો પલિમંથ કુકુઈતા, મુખરપણું દૂરે કરિએજી ॥ વિધિ૦ ॥
સત્ય વચન પલિમંથ મુખરતા, તજી સંયમ રમણી વરિયેજી॥વિધિ૦॥૨॥
પક્ષુલોલ ઈરજા પલિમંથુ, મુનિજન નિત નિત પરિહરીએજી ॥વિધિ૦॥
તેંતિણિક એષણા પલિમંથુ, સત્ય વચન વ્રત વિખરિયેજી ॥વિધિ૦॥૩॥
ઈચ્છાલોલ મુત્તિ પલિમંથુ, મુનિવર મન નહિ આચરિયેજી ॥ વિધિ૦ ॥
ભિજ્જા[2] નિયાણ મોક્ષ પલિમંથુ,તજી જિન આણા શિર ધરિએજી॥વિધિ૦॥૪॥
જિન આણાધારી મહામાહણ, ભવસાયર હેલે તરિયેજી ॥ વિધિ૦ ॥
દ્રવ્ય પૂજા આરાધક શ્રાવક, ભાવિક સુરપદ અનુસરિએજી ॥વિધિ૦॥૫॥
જિન ઉત્તમ પદ પદ્મ પૂજનથી, નવયૌવન શિવવહુ વરિયેજી ॥ વિધિ૦ ॥
બૃહત્કલ્પ આચરણ[3] કરતાં, રૂપવિજય ભવજળ તરીયેજી ॥ વિધિ૦॥૬॥

---

. વિઘ્ન ૨. લોભ ૩. આરાધન-પાઠાંતર

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી બૃહત્કલ્પસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તૃતીય
# શ્રી વ્યવહાર છેદસૂત્ર પૂજા ૩૬

॥ દુહા॥

વ્યવહાર સૂત્રમાં ભાખિયા, વ્યવહાર પંચ પ્રકાર ॥
ગણધરને શ્રી જિનવરે, વરવા શિવવહુ સાર ॥ ૧ ॥

*॥ ઢાળ ત્રીજી ॥ સંભવજિન અવધારીએ... એ દેશી ॥*

વિધિપૂર્વક જિનરાજની, પૂજા કરી શુભ ચિત્ત સલુણે ॥
આપશકિત અનુસારથી, ત્રણ્ય ટંક સુપવિત્ત, સલુણે ॥ વિધિ૦ ॥ ૧ ॥
સુરભિ દુગ્ધ ઘટે કરી, કરે અભિષેક જે સાર - સલુણે ॥
તે સુર સુખ ઉજજવલ લહી, વરે શિવસુખ નિરધાર, સલુણે ॥વિધિ૦॥૨॥
દધિ ઘૃત કુંભ ભરી ભરી, પૂજે જે નરનારી સલુણે ॥
તાવિષ[1] સુખ તાજાં લહી, પામે ભવજળ પાર, સલુણે ॥ વિધિ૦॥ ૩ ॥
આગમ શ્રુત આણા ભલી, ધારણા જીત એ પંચ, સલુણે ॥
જે જે કાળે જે હોયે, તે સેવે ગત ખંચ, સલુણે ॥ વિધિ૦ ॥ ૪ ॥
વ્યવહાર જીત છે સંપ્રતિ, તિણ વિધિ જે કરે કાજ, સલુણે ॥
જિન ઉત્તમ મુખ પદ્મની, વાણીયે ચિદ્દરૂપ રાજ, સલુણે ॥ વિધિ૦ ॥ ૫ ॥

---
૧. સુર

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી વ્યવહારસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

 પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચતુર્થ
# શ્રી જીતકલ્પ છેદસૂત્ર પૂજા ૩૭

॥ દુહો॥

જીતકલ્પ સૂત્રે કહ્યો, આલોયણ અધિકાર ॥
શ્રી જિનરાજે જીવનો, કરવા ભવ નિસ્તાર ॥ ૧ ॥

*॥ ઢાળ ચોથી ॥*

*નંદ સલુણા નંદના રે લોલ, તુમે મને નાંખી ફંદમાં રે લોલ - એ દેશી ॥*

શ્રી જિનરાજ પૂજા કરો રે લોલ, પ્રાયશ્ચિત્ત સવિ પરિહરો રે લોલ ॥
વિનય કરીને ધ્યાઈયે રે લોલ, મધુર સ્વરે ગુણ ગાઈયે રે લોલ ॥ ૧ ॥
આણાયે કરણી કરે રે લોલ, તે પ્રાણી ભવજળ તરે રે લોલ ॥
અવિધિ દોષને છંડિયે રે લોલ, વિધિયોગે સ્થિર માંડિયે રે લોલ ॥ ૨ ॥
દોષ તજી નિજ દેહથી રે લોલ, આલોયણ[૧] કરી નેહથી રે લોલ ॥
પડિકકમણે[૨] અઘ વારિયે રે લોલ, મીસ[૩] વિવેગ[૪] મન ધારિયે રે લોલ ॥૩॥
કાઉસ્સગ્ગે[૫] અઘ ટાળિયે રે લોલ, તપ[૬] કરી પાતક ગાળિયે રે લોલ ॥
છેદ[૭] તથા મૂલ[૮] જાણિયે રે લોલ, અણવઢ્ઢિયપદ[૯] માણિંયે રે લોલ ॥૪॥
પારંચિત[૧૦] દશમો વળી રે લોલ, કહે જિન ગણધર કેવળી રે લોલ ॥
જિનઆણા પૂજા દયા રે લોલ, કરી ઉત્તમ શિવપદ ગયા રે લોલ ॥ ૫ ॥
જીતકલ્પ જે જાણશે રે લોલ, તે હઠવાદ ન તાણશે રે લોલ ॥
શ્રી ગુરુ પદ્મવિજય કહી રે લોલ, વાણી રૂપવિજય લહી રે લોલ ॥ ૬ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી જીતકલ્પસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચમ

## શ્રી લઘુનિશીથ સૂત્ર પૂજા ૩૮

॥ દુહો॥

લઘુ નિશીથમાં સાધુનો, ઉત્તમ કહ્યો આચાર ॥
ધન્ય તેહ અણગારને, જે ધરે નિરતિચાર ॥ ૧ ॥

*॥ ઢાળ પાંચમી ॥*
*આવો હરિ લાસરિયા વાલા.... એ દેશી ॥*

**જગદ્ગુરુ જિનવર જયકારી, સેવો તુમે ભાવે નરનારી ॥**
આસાયણ ચોરાશી વારી ॥ જગ૦ ॥ ૧ ॥

**જલ ચંદન કુસુમે કરિયે, ધૂપ દીપ અક્ષત ધરિયે ॥**
નૈવેદ્ય ફળ આગળ કરિયે ॥ જગ૦ ॥ ૨ ॥

**થય થુઇ ભાવ પૂજા સારી, નાટક ગીતથી મનોહારી ॥**
ત્રિધા શુદ્ધિ કરે હિતકારી ॥ જગ૦ ॥ ૩ ॥

**ભાવથી ભવ્ય[1] પૂજા કરશે, તે ભવસાયરને તરશે ॥**
સરસ શિવસુંદરીને વરશે ॥ જગ૦ ॥ ૪ ॥

**વીશ ઉદ્દેશાથી સાર, સૂત્ર નિશીથ છે મનોહાર ॥**
ભણી લહો રૂપવિજય પાર ॥ જગ૦ ॥ ૫ ॥

૧. દ્રવ્ય પાઠાંતર.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી લઘુનિશીથસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

 પરિચય માટે જુઓ છેલ્લે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ષષ્ઠ

# શ્રી મહાનિશીથ સૂત્ર પૂજા ૩૯

॥ દુહો ॥

મહાનિશીથ સિદ્ધાંતમાં, મુનિમારગ નિરધાર ॥
વીર જિણંદ વખાણિયો, પૂજું તે શ્રુત સાર ॥ ૧ ।

*॥ ઢાળ છઠ્ઠી ॥*

*મુજરો લ્યોને ઝાલિમ જાટણી રે.... એ દેશી ॥*

શ્રી જિનરાજને જાઉં ભામણે[1] રે, જાસ સુરાસુર ખાસ ॥
સેવા સારે રે તારે આપને રે, નિર્મળ સમકિત જાસ ॥ શ્રી જિન૦ ॥ ૧ ॥
દુવિહા પૂજા ભાખી સૂત્રમાં રે, દ્રવ્ય ને ભાવથી ખાસ ॥
ભાવ પૂજા સાધક સાધુ ભલા રે, ગૃહીને દોય ઉલ્લાસ ॥ શ્રી જિન૦ ॥ ૨ ॥
દાનાદિક સમ જિન પૂજના રે, બારમો સ્વર્ગ નિવાસ ॥
ભાવ પૂજાથી શિવસુખ સંપજે રે, કહે જિન આગમ ખાસ ॥ શ્રી જિન૦ ॥ ૩ ॥
તિગ પણ અડ નવ સત્તર પ્રકારથી રે, એકવીસ અડસય ભેદ ॥
ભકિત યુકિતથી જે પૂજા કરે રે, ન લહે તે ભવ ખેદ ॥ શ્રી જિન૦ ॥ ૪ ॥
જિનવર ને જિનઆગમ પૂજતાં રે, કર્મ કઠિન ક્ષય થાય ॥
તીરથપતિપદ પામી નિર્મળું રે, સાદિ અનંત પદ ઠાય ॥ શ્રી જિન૦ ॥ ૫ ॥
ખિમાવિજય જિનરાજે ભાખિયું રે, ઉત્તમ નિજ મુખ પદ્મથી ખાસ ॥
મહાનિશીથ સૂત્ર તે પૂજતાં રે, રૂપવિજય સુખ વાસ ॥ શ્રી જિન૦ ॥ ૬ ॥

૧. ઓવારણાં.

ઓ઼ઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી મહાનિશીથસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ચાર મૂલ સૂત્ર પૂજા

## પ્રથમ આવશ્યક સૂત્ર પૂજા ૪૦

॥ દુહા ॥

ચારિત્ર તરુના મૂલ સમ, મૂલ સૂત્ર છે ચાર ॥
શ્રી જિનરાજે વખાણિયાં, પૂજી લહો ભવપાર ॥ ૧ ॥
આવશ્યક આરાધિયે, ષડ્ અધ્યયને ખાસ ॥
નમન સ્તવન પૂજન કરી, કરો આતમ સુપ્રકાશ ॥ ૨ ॥

*॥ ઢાળ પહેલી ॥ પંથડો નિહાળતાં રે, જોતી વૃંદાવનની વાટ... એ દેશી ॥*

ચોખે ચિત્તથી રે, કરિયે શ્રી જિનરાજની સેવ ॥
જગમાં કો નહિ રે, દીસે અધિકો દુજો દેવ ॥
કરુણા જલનિધિ રે, જંગમ કલ્પતરુ ભગવાન ॥
કરિયે પૂજના રે, અષ્ટપ્રકારી રૂડે ધ્યાન ॥ ૧ ॥
ભાવો ભાવના રે, ધ્યાવો શુદ્ધ નિરંજન દેવ ॥
ગાવો ગુણ ભલા રે, સારો ત્રિકરણ યોગે સેવ ॥
દાતા ધરમના રે, ત્રાતા ષડવિધ જીવના સાર ॥
તે પ્રભુ પૂજતાં રે, લહિયે ભવસાયરનો પાર ॥ ૨ ॥
સૂત્ર આવશ્યકે રે, ભાખ્યા ષડ અધ્યયન રસાલ ॥
તેહને સેવતાં રે, પાતક જાયે સહુ વિસરાલ ॥
સમભાવે કરી રે, કરિયે આવશ્યક દોય ટંક ॥
ભાવની વૃદ્ધિએ રે, તોડે આઠ કરમનો વંક ॥ ૩ ॥
સાવદ્ય યોગની રે, વિરતિ જિનગુણનો બહુમાન ॥
ચરણે ગુરુતણે રે, વાંદણા દીજે ધરી શુભ ધ્યાન ॥
આલોઇયે મને રે, વાસર રયણીના અતિચાર ॥
કાઉસ્સગ્ગ ધ્યાનથી રે, સોહી[1] આતમની કરે સાર ॥ ૪ ॥
કરી પચ્ચક્ખાણને રે, આતમ તારે ગૃહી અણગાર ॥
વીરજ ફોરવી રે, પામે ભવસાયરનો પાર ॥
વાણી સાંભળે રે, ઉત્તમ ગુરુ મુખ પદ્મની જેહ ॥
રૂપવિજય કહે રે, તે લહે અવિચળ શિવપુર ગેહ ॥ ૫ ॥

---

૧. શુદ્ધિ

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય,
શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે આવશ્યકસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દ્વિતીય
# શ્રી દશવૈકાલિક સૂત્ર પૂજા ૪૧

॥ દુહો॥

દશવૈકાલિક સૂત્રમાં, મુનિ મારગ અધિકાર ॥
ભાવે તેહ આરાધતાં, પામીજે ભવપાર ॥ ૧ ॥

*॥ ઢાળ બીજી ॥*

વેસરદે ગઇ રે ગમાઇ, મ્હારે ન્હાને દેવર પાઇ લાલ વેસર દે - એ દેશી ॥

શ્રી જિનવર મુખની વાણી, અનુભવ અમૃતરસ ખાણી લાલ જિનવાણી ॥
ચઉ અનુયોગે કહેવાણી, સગભંગી જોગ ઠરાણી ॥ લાલ૦ ॥ ૧ ॥
નય સાતથકી ગૂંથાણી, સ્યાદ્વાદની છાપ અંકાણી ॥ લાલ૦ ॥
પાંત્રીસ વયણ ગુણ જાણી, ગણધર દિલડે સોહાણી ॥ લાલ૦ ॥ ૨ ॥
ભવતાપને દૂર ગમાવે, શુચિ આતમ બોધને પાવે ॥ લાલ૦ ॥
મિથ્યાત્વતિમિરકું તરણી, દુર્મતિ પ્રતીને રવિભરણી[1] ॥ લાલ૦ ॥ ૩ ॥
શ્રુત શ્રદ્ધાવંત જે પ્રાણી, વિધિયોગે શ્રદ્ધા આણી ॥ લાલ૦ ॥
કરે પૂજા નવ નવ રંગે, ધન ખરચે અધિક ઉમંગે ॥ લાલ૦ ॥ ૪ ॥
પૂજા તે દયારસ ખાણી, ભાવ ધર્મની એ નિશાની ॥ લાલ૦ ॥
શ્રી ગુરુમુખ પદ્મની વાણી, ચિદ્રૂપવિજયપદ ખાણી ॥ લાલ૦ ॥ ૫ ॥

---

૧. ભરણી નક્ષત્રમાં આવેલો સૂર્ય જોઇ શકાતો નથી.

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી દશવૈકાલિકસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥


પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તૃતીય
## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પૂજા ૪૨

॥ દુહો॥

ઉત્તરાધ્યયને ઉપદિશ્યાં, અજઝયણાં છત્રીશ ॥
સમજી અર્થ સોહામણા, પૂજો શ્રી જગદીશ ॥ ૧ ॥

*॥ ઢાળ ત્રીજી॥*

*હું તો વારી જાઉ નિત્ય બલિહારી જી, મુખને મરકલડે - એ દેશી ॥*

જિનરાજ જગત ઉપકારીજી, પૂજો નરનારી ॥
એ તો તીન ભુવન હિતકારીજી, જિનવર જયકારી
પ્રભુ નામે નવનિધિ થાયજી, ॥ પૂજો૦ ॥
દુઃખ દોહગ દૂર પલાયજી ॥ જિન૦ ॥ ૧ ॥
પારંગત પાર ઉતારેજી ॥ પૂજો૦ ॥
આણે ભવસાયર આરે જી ॥ જિન૦ ॥
ભવભવનાં પાપ ગમાવેજી ॥ પૂજો૦ ॥
મિથ્યા જવર તાપ શમાવેજી ॥ જિન૦ ॥ ૨ ॥
જલ ચંદન કુસુમ ને ધૂપેજી ॥ પૂજો૦ ॥
જિમ ન પડો ભવને કૂપેજી ॥ જિન૦ ॥
જમણી દિશા દીપક ઠાવોજી ॥ પૂજો૦ ॥
જિમ કેવલનાણને પાવોજી ॥ જિન૦ ॥ ૩ ॥
થય થુઇ જિનરાજની કરિયેજી ॥ પૂજો૦ ॥
અક્ષત નૈવેદ્ય ફલ ધરિયેજી ॥ જિન૦ ॥
દ્રવ્ય ભાવથી પૂજા જેહજી ॥ પૂજો૦ ॥
આપે અવિચલ સુખ તેહજી ॥ જિન૦ ॥ ૪ ॥
ઉત્તરાધ્યયન સૂત્ર જે ધ્યાવેજી ॥ પૂજો૦ ॥
તે ત્રીજે ભવે શિવ પાવેજી ॥ જિન૦ ॥
શ્રી પદ્મવિજય ગુરુવાણીજી ॥ પૂજો૦ ॥
દીએ રૂપવિજય સુખખાણીજી ॥ જિન૦ ॥ ૫ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચતુર્થ
# શ્રી પિંડનિર્યુક્તિસૂત્ર પૂજા ૪૩

॥ દુહો॥

ક્રોધ માન માયા તજી, લોભ ન જાસ લગાર ॥
શુદ્ધ ઉંછ આહાર લે, વંદુ તે અણગાર ॥ ૧ ॥

*॥ ઢાળ ચોથી ॥ દેહું દેહું નણંદ હઠીલી – એ દેશી ॥*

જય જય જિનવર જયકારી, જસ મૂરતિ મોહનગારી રે ॥
ભવિ પૂજિયે જિનરાજા જિમ લહિયે શિવસુખ તાજાં રે ॥ ભવિ૦ ॥
અશોકથી શોક નિવારે, સંસાર સમુદ્રથી તારે ॥ ભવિ૦ ॥ ૧ ॥
પંચવરણી કુસુમ વરસાવે, સુર ભક્તિયે સમકિત પાવે રે ॥ ભવિ૦ ॥
વાંસલિયે સમસર પૂરે, નિજ આતમ તમ કરે દૂરે રે ॥ ભવિ૦ ॥ ૨ ॥
ઉજવલ ચામર સોહંતા, પરષદ જન મન મોહંતા રે ॥ ભવિ૦ ॥
સિંહાસન આસનકારી, પ્રભુદર્શનની બલિહારી રે ॥ ભવિ૦ ॥ ૩ ॥
ભામંડલ રવિ સમ સોહે, દેવ દુંદુભિ જન મન મોહે રે ॥ ભવિ૦ ॥
ત્રણ છત્ર પ્રભુ શિરે ધારે, ત્રણ જગતની આપદા વારે રે ॥ ભવિ૦ ॥ ૪ ॥
પિંડનિરજુગતિ પરકાશી, જિન ઉત્તમ ગુણની રાશિ રે ॥ ભવિ૦ ॥
શ્રી પદ્મવિજય ગુરુ શિષ્ય, કહે રૂપ નમો જગદીશ રે ॥ ભવિ૦ ॥ ૫ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં – શ્રીમતે શ્રી પિંડનિર્યુક્તિસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥

 પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી બે ચૂલિકા સૂત્ર પૂજા ॥
## ॥ પ્રથમ શ્રી નંદિસૂત્ર પૂજા ॥ ૪૪

॥ દુહો॥

મઈ સુઅ ઓહિ મણપજ્જવા, પંચમ કેવળનાણ ॥
નંદિસૂત્ર માંહે કહ્યાં, પૂજું તે સુહ ઝાણ ॥ ૧ ॥

॥ ઢાળ પહેલી ॥

સરોવર પાણી હું ગઈ, મા મોરી રે,
સન્મુખ મળીયો કાન, ગાગર ફોરી રે - એ દેશી ॥

જિનવર જગગુરુ જગધણી, ઉપકારી રે
તમે પૂજો ધરી મન રંગ, મળી નરનારી રે ॥
સમવસરણમાં સોહતા ॥ ઉ૦ ॥ નિર્મમ જેહ નિઃસંગ
જગત ઉપકારી રે ॥ ૧ ॥
મતિ શ્રુત નાણના જાણિયે ॥ ઉ૦ ॥ અડવીસ ચઉદશ ભેદ ॥ જ૦ ॥
અવધિ ષડ ભેદે લહો ॥ ઉ૦ ॥ દુગ મણપજ્જવ ભેદ ॥ જ૦ ॥ ૨ ॥
ક્ષાયિકભાવે કેવલી ॥ ઉ૦ ॥ લોકાલોકના જાણ ॥ જ૦ ॥
ચાર જ્ઞાનની જે પ્રભા ॥ ઉ૦ ॥ એહમાં તસ મંડાણ ॥ જ૦ ॥ ૩ ॥
સેવો ધ્યાવો ભાવથી ॥ ઉ૦ ॥ ગાઓ જિનગુણ ગીત ॥ જ૦ ॥
ભાવના ભાવો ભાવશું ॥ ઉ૦ ॥ ભક્તિ કરો ધરી પ્રીત ॥ જ૦ ॥ ૪ ॥
નાણ નાણીની પૂજના ॥ ઉ૦ ॥ કરતાં લહીએ નાણ ॥ જ૦ ॥
નંદીસૂત્રની પૂજના ॥ ઉ૦ ॥ કરો ભવિયણ સુહ ઝાણ ॥ જ૦ ॥ ૫ ॥
જિન ઉત્તમ પદ પદ્મની ॥ ઉ૦ ॥ પૂજા કરો ધરી રાગ ॥ જ૦ ॥
રૂપવિજય પદ સંપદા ॥ ઉ૦ ॥ પામો નિત્ય અથાગ ॥ જ૦ ॥ ૬ ॥

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી નંદિસૂત્રસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥



પરિચય માટે જુઓ છેલ્લે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્વિતીય શ્રી અનુયોગદ્વારસૂત્ર પૂજા ૪૫

॥ દુહા॥

શ્રી અનુયોગદુવારમાં, ચઉ અનુયોગ વિચાર ॥
શ્રદ્ધા ભાસન રમણતા, કરી પૂજો નરનાર ॥ ૧ ॥
ધન્ય ધન્ય આગમ જિનતણું, બોધિબીજ ભંડાર ॥
નાણ ચરણ રયણે ભર્યું, શાશ્વત સુખ દાતાર ॥ ૨ ॥

*॥ ઢાળ બીજી ॥ ચંદ્રજસા જિનરાજિયા, મનમોહન મેરે - એ દેશી ॥*

શ્રી અનુયોગદુવારની મનમોહન મેરે
હું જાઉં બલિહારી ॥ મન૦ ॥
ત્રિશલાનંદન જિનવરે ॥ મન૦ ॥
ભાખ્યા અર્થ વિચાર ॥ મન૦ ॥ ૧ ॥
ઉપક્રમ નિક્ષેપ અનુગમા ॥ મન૦ ॥ નય અનુયોગ એ ચાર ॥ મન૦ ॥
ષટ્ ચઉ દુગ સગ ભેદથી ॥ મન૦ ॥
સૂત્ર તણો વિસ્તાર ॥ મન૦ ॥ ૨ ॥
સૂત્ર સુણે સંશય ટળે ॥ મન૦ ॥ શ્રદ્ધા નિર્મળ થાય ॥ મન૦ ॥
તત્ત્વજ્ઞાનમાં ચિત્ત રમે ॥ મન૦ ॥
દુર્મતિ દૂર પલાય ॥ મન૦ ॥ ૩ ॥
શ્રુતવાસિત જે પ્રાણિયા ॥ મન૦ ॥ તે લહે ભવજળ પાર ॥ મન૦ ॥
જ્ઞાન ભાણ જસ ઝળહળે ॥ મન૦ ॥
તે કરે જંગ નિસ્તાર ॥ મન૦ ॥ ૪ ॥
સૂત્ર લખાવે સાચવે ॥ મન૦ ॥ પૂજે ધ્યાયે સાર ॥ મન૦ ॥
ભણે ભણાવે શુભ મને ॥ મન૦ ॥
અનુમોદે ધરી પ્યાર ॥ મન૦ ॥ ૫ ॥
તે સુર નર વર સુખ લહી ॥ મન૦ ॥ કર્મ કઠિન કરે દૂર ॥ મન૦ ॥
કેવલ કમલા પામીને ॥ મન૦ ॥
શિવવહુ વરે સસનૂર ॥ મન૦ ॥ ૬ ॥
ગુરુ મુખ પદ્મની દેશના ॥ મન૦ ॥ સાંભળી હર્ષ અપાર ॥ મન૦ ॥
રૂપવિજય કહે તે લહે ॥ મન૦ ॥
નિત્ય નિત્ય મંગલ ચાર ॥ મન૦ ॥ ૭ ॥

**ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરા મૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં - શ્રીમતે શ્રી અનુયોગદ્વારસૂત્રાય વાસક્ષેપાદિકં ચ યજામહે સ્વાહા ॥**



પરિચય માટે જુઓ છેલ્લે

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દુહો

રાજનગરમાં રાજ સમ, ઓશ વંશ શણગાર ॥
શેઠ હેમાભાઈ ભલો, પુણ્યવંત શિરદાર ॥ ૧ ॥
આગમ સાંભળે આદરે, શ્રદ્ધાવંત સુધીર ॥
તસ સમરણને કારણે, રચી પૂજા ગંભીર ॥ ૨ ॥

**॥ અથ કળશ ॥ રાગ ધન્યા શ્રી ॥**

ગાયા ગાયા રે, પણયાલીશ આગમ ગાયા ॥
જિનવર ભાષિત ગણધર ગુંફિત, મુનિવર કંઠ મલાયા રે ॥
પણયાલીશ આગમ ગાયા ॥ ૧॥
જ્ઞાનારાધન સાધન મોક્ષનું, કરતાં કર્મ ખપાયાં ॥
શ્રદ્ધા ભાસન રમણ કરણથી, નિર્મળ મન વચ કાયા રે ॥ પણ૦ ॥ ૨ ॥
છઠ્ઠ અઠમને દશમ દુવાલસ, તપ કરી કર્મ ખપાયા ॥
નિત્યભોજી જ્ઞાની મુનિ તેહથી, પરમ વિશુદ્ધતા ઠાયા રે ॥ પણ૦ ॥ ૩ ॥
શ્રી વિજય દેવસૂરીશ્વર પટધર, વિજયસિંહસૂરિરાયા ॥
સત્યવિજય તસ શિષ્ય મનોહર, સંવેગ મારગ ધ્યાયા રે ॥ પણ૦ ॥ ૪ ॥
કપૂર ખિમા જિન ઉત્તમ નામથી, વિજયપદે સોહાયા ॥
શ્રી ગુરુ પદ્મવિજય પદપંકજ, નમતાં નવનિધિ પાયા રે ॥પણ૦॥ ૫ ॥
બાણ[૫] નાગ[૮] ગજ[૮] ચંદ્ર[૧] (૧૮૮૫) સંવત્સર, આસો માસ સુહાયા ॥
ત્રીજે સવિતાસુતવારે[૧] ભલા, કંઠે ગીત મલાયા રે ॥ પણ૦ ॥ ૬ ॥
તપગચ્છ વિજય દિણેંદ્રસૂરીશ્વર રાજે, સુભગ સુજસ સુહાયા ॥
રૂપવિજય કહે આગમ પૂજા, કરતાં સવિ સુખ પાયા રે ॥ પણ૦ ॥ ૭ ॥

**✻ ઇતિ પંડિત શ્રી રૂપવિજયજી કૃત**

**પિસ્તાલીસ આગમ પૂજા સમાપ્ત ✻**

૧. શનિવાર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિશિષ્ટ : ૧

## શ્રી પિસ્તાલીશ આગમની પૂજાની સામગ્રીની નોંધ

૪૫ આગમની હસ્તલિખિત પ્રતો, ૪૫ રૂમાલ, ૪૫ સાપડાં, આગમ પુરુષનો પટ-૧, શ્રીફળ નંગ ૪૮, ફળ પાંચ જાતના - દરેક જાતના નંગ-૪૫, નૈવેદ્ય પાંચ જાતના દરેક જાતના નંગ ૪૫.

લીલા શ્રીફળ-૩, પપૈયા-૫, ૫પનસ-૩, કેળાની લુમ-૩ પાન-૭૫, સોપારી-૫૦, બદામ-૫૦, પતાસા-૫૦.

કંકુ ગ્રામ ૧૦, કંદરૂપધૂપ ગ્રામ ૧૦૦, નાડા છડીનો દડો ૧, કપુર ગોટી ૨, દશાંગધૂપ ગ્રામ ૧૦૦, વાસક્ષેપ ગ્રામ ૧૦૦, અગરબત્તી પડીકા ૨, કેસર ગ્રામ ૩, બરાસ ગ્રામ ૧૦, સોના રૂપાના ફૂલ ગ્રામ ૧૦, ચાંદીના વરખ થોકડી ૭, સોનેરી બાદલુ ગ્રામ ૫, સર્વ ઔષધી પડીકું ૧, પંચરત્ન પોટલી નંગ ૩, સાકર ગ્રામ ૧૦૦, રોકડા રૂપીયા ૫૧, પાવલી નંગ ૫૧, દશીયા નંગ ૪૫, ચોખા કિલો ૫, ગાયનું ઘી કીલો ૪.

### દેરાસરની સામગ્રી

પરનારીયા બાજોઠ સાથેનું સિંહાસન, છત્ર-ભૂંગળી, પાસે મુકવાની બે દીવી, ફાનસ સાથે, પાણી ભરવાના નળા નંગ ૨, જર્મનના થાળા નંગ ૨૫, જર્મનના વાટકા નંગ ૫, જર્મનના કળશ નંગ ૫, જર્મનની સેવા કરવાની વાટકી ૨૦, ફાનસ-૧, ધુપદાની-૨, દર્પણ, ચામર, પંખો, થાળી વેલણ, સોનાનો કળશ, વાટકી થાળી, ૧૦૮ નાળચાનો કળશ-૧, વૃષભનો કળશ-૧, ચાંદીનો કળશ-૧, આગમ લેવા માટે ચાંદીનો થાળ નંગ-૧, અષ્ટ મંગળનો ઘડો-૧, ૧૦૮ દીવાની આરતી, મંગળ દીવો, થાળ મોટો, ચાલુ આરતી, મંગળ દીવો, ધૂપ માટે માટીની કુંડી નંગ ૨, ડોલ ૨, દેગડા ૨, કુંડી ૨, લાકડાની પાટ નંગ ૫, બેસવાના પાટલા-૫ બાજોઠી ૨, આગમ ગોઠવવા માટે સુશોભિત સ્ટેજ બનાવવું. પૂજાની ચોપડીઓ તથા સાપડા, પૂજાની જગ્યા આસોપાલવ હાર-તોરણથી સુશોભિત રીતે શણગારવી, ભોજક, બેન્ડ, લાઈટ, માઈક, માળી, સ્ટેજ, ચોઘડીયાવાળાને કહેવું, ૫૦ નાના કાર્ડ આગમનાં નામનાં, ગ્લાસ નંગ ૫૦, બોયાં નંગ ૧૫૦, મલમલ મીટર ૨, લીલું રેશમી કાપડ, મીટર ૦।।, ખાદી મીટર-૧, ટેકસ ખીલી કાળી ગ્રામ ૧૦૦, લાલ કસુંબો.

### પહેલા દિવસે ફૂલ તથા દૂધની યાદી

ગાયનું દૂધ લીટર-૧, દહીં ગ્રામ-૨૫, ડમરાના હાર નંગ ૨૫, ગુલાબ નંગ ૧૦૦ તથા ડમરો, આસોપાલવ તોરણ બંધાવવા. પહેરવાના હાર-૧૦.

### બીજા દિવસે ફૂલ તથા દૂધની યાદી

ગાયનું દૂધ લીટર ૨, દહીં ગ્રામ-૨૫, ડમરાના હાર નંગ ૨૫, પહેરવાના હાર નંગ-૧૦, આસોપાલવ તોરણ, ગુલાબ નંગ ૧૦૦.

આ પૂજા બે દિવસમાં પણ ભણાવાય છે. આગમ પુરુષના આકર્ષક ફોટા સાથેનો શ્રુત ભકિત સ્વરૂપ વરઘોડો બેમાંથી કોઈ પણ એક દિવસે રાખી શકાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી આચારાંગ સૂત્ર ॥ ૧

**શ્ર**મણજીવનના આચારોનું વિસ્તૃત વર્ણન, પરમાત્મા મહાવીર દેવનું **સંક્ષિપ્ત,** સુંદર જીવનચરિત્ર, મુખ્યતાએ ચરણકરણાનુયોગનું વર્ણન, આમાં ભગવંતના શ્રીમુખથી બોલાયેલા શબ્દો મૂળ સ્વરૂપમાં સચવાયા છે. આ સૂત્ર બે શ્રુત સ્કંધ અને પચ્ચીસ અધ્યાયમાં વ્હેંચાયેલું છે. આના ઉપર ૩૪૬ ગાથાની નિર્યુક્તિ મળે છે અને તેના ઉપર ૮૩૦૦ શ્લોક પ્રમાણે ચૂર્ણિ મળે છે અને ખાદ્ય સંસ્કૃત ટીકાકાર શ્રી શીલાંકસૂરિ મહારાજ રચિત ૧૨૦૦૦ શ્લોક પ્રમાણે સુંદર વિવરણ મળે છે. આ વિવરણની રચના વિ.સં. ૯૩૩ માં થઈ છે.

આ જ્ઞાનાદિક આસેવન વિધિનો પ્રતિપાદક ગ્રંથ છે.

મૂળ-૨૫૫૪ શ્લોક પ્રમાણ છે.

## ॥ શ્રી સૂયગડાંગસૂત્ર ॥ ૨

૩૬૩ વાદીઓના મતોનું વિસ્તૃત વર્ણન. તેનું સયુક્તિક નિરસન અને સ્યાદ્વાદ સિદ્ધાંતનું સ્થાપન. મુનિજીવનના આચારોનું સુંદર નિરૂપણ. વિષયાધીન જીવોની ઉભય લોકમાં થતી દુર્દશાનો ચિતાર. નરકના દુઃખોનું વિસ્તૃત વર્ણન. આત્મવાદી પરદર્શનોના આત્મસ્વરૂપ વિષેનાં ભ્રામક નિરૂપણોની સમીક્ષા અને અનાત્મવાદી ચાર્વાક દર્શનનાં અપ્રામાણિક મંતવ્યોની સમીક્ષાપૂર્વક સર્વજ્ઞસંમત આત્મસ્વરૂપનું વાસ્તવિક દિગ્દર્શન.

જ્ઞાન તથા વિનયાદિ ગુણો અને વિવિધ ધર્માચારોનું વર્ણન. સાધુઓ આ આગમના અધ્યયનથી ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળા થાય છે.

આ આગમનાં બે શ્રુતસ્કંધ છે. પહેલામાં સોળ અને બીજામાં સાત અધ્યયન છે. મૂળ સૂત્ર ૨૧૦૦ શ્લોક પ્રમાણ છે. આના ઉપર ૨૦૫ ગાથાની નિર્યુક્તિ છે અને તેના ઉપર ૯૯૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ મળે છે અને શ્રી શીલાંકસૂરિજી મહારાજ રચિત વિદ્વત્તાભરી ૧૨૮૫૦ શ્લોક પ્રમાણ વૃત્તિ (વિવરણ) મળે છે.

## ॥ શ્રી ઠાણાંગ સૂત્ર ॥ ૩

એકથી દશ સુધીના અંકોમાં સમાવિષ્ટ થતી જૈનશાસન માન્ય અનેક બાબતોનો સંગ્રહ. ભૂગોળ આદિનું સુંદર નિરૂપણ. પદ્મનાભ તીર્થંકર (આગામી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રેણિક મહારાજાના આત્મા)નું ચરિત્ર વગેરે વસ્તુઓનું સર્વાંગી નિરૂપણ. અનેક ઉપયોગી વિષયોનો ખજાનો છે.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭ મા અધ્યયનમાં સાત નિન્હવો-વિરોધી ધર્મભેદોનું વર્ણન ઉપયોગી છે.

મૂળ ગ્રન્થ ૩૭૦૦ શ્લોક પ્રમાણ છે. આના ઉપર નવાંગી વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજે વિ.સં. ૧૧૨૦માં રચેલી ૧૪૨૫૦ શ્લોક પ્રમાણ વૃત્તિ મળે છે. અને તેમાં રહેલી ઉધૃત ગાથા ઉપર સત્તરમાં શતકમાં રચાયેલું 'સ્થાનાંગ વૃત્તિગત ગાથા વિવરણ" પણ મળે છે જે હજી અમુદ્રિત છે. જેનું પરિમાણ ૧૦૦૦૦ શ્લોક છે.

## ।। શ્રી સમયાવાંગ સૂત્ર ।। ૪

એકથી સો સુધીનું અંકસ્થાનોની વસ્તુનું નિરૂપણ-યાવત કોડાકોડી સંખ્યાવાળા કયા કયા પદાર્થો છે તેનું વર્ણન. નાભિ રાજા વગેરે કુલકર તીર્થંકરો તથા તેમનાં માતા-પિતા, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, પ્રતિવાસુદેવનાં નામ, સ્થાન, ગતિ વગેરેનું વર્ણન, ઐરાવત્ત ક્ષેત્રની ત્રણેય ચોવીશીનાં નામો વગેરે જાણવા લાયક ઘણી વસ્તુઓનો સંગ્રહ. ઉત્તમ સંગ્રહગ્રંથ છે.

મૂળ-૧૬૬૭ શ્લોક પ્રમાણ છે. આના ઉપર શ્રી અભયદેવસૂરિજી મહારાજ રચિત ૩૫૭૫ શ્લોક પ્રમાણ વૃત્તિ છે. ૬૩ શલાકા પુરુષનું વર્ણન આમાં છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ।। શ્રી ભગવતી અંગસૂત્ર ।। ૫

સર્વ આગમોમાં વિસ્તૃત પ્રમાણવાળા આ આગમમાં સર્વજ્ઞકથિત અનેકાનેક વિષયોનું વ્યાપક અને ગંભીર વર્ણન છે. શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા અને ભગવંતે સ્વમુખે આપેલ છત્રીસ હજાર પ્રશ્નોત્તરોથી સંકલિત આ આગમમાં ચારેય અનુયોગોની બહોળી છણાવટ છે. અનેક વિષયોની ખાણ છે. આમાં ૪૧ શતક છે.

આ સૂત્રનું બીજું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સંબંધે અને પદાર્થોની સૂક્ષ્મ વ્યવસ્થા-જીવવિચાર આદિ અનેક બાબતોનું વિવેચન છે. આ સૂત્રની સુવર્ણાક્ષરે લખેલી અનેક પ્રતો મળે છે. આ સૂત્ર ગુરુમુખે સાંભળવા જેવું છે.

આના પર ૩૧૧૪ શ્લોક પ્રમાણની ચૂર્ણિ મળે છે જે અમુદ્રિત છે. નવાંગી ટીકાકર શ્રી અભયદેવસૂરિજી રચિત વૃત્તિ ૧૮૬૧૬ શ્લોક પ્રમાણ મળે છે.

મૂળ-૧૫૭૫૧ શ્લોક પ્રમાણ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી જ્ઞાતાંગ સૂત્ર ॥ ૬

ધર્મકથાનુયોગના આ ગ્રંથમાં પૂર્વે સાડા ત્રણ ક્રોડ કથાઓ હતી, જેમાંની હાલ માત્ર ઓગણીશ જ કથાઓ ઉપલબ્ધ છે. એના ઉપનય ખાસ સમજવા લાયક છે. ધર્મની કથાઓનો સંગ્રહ.

પ્રથમ શ્રુત સ્કંધમાં નિમ્નલિખિત વ્યકિતઓનો જીવન વૃત્તાંત ઓછેવત્તે અંશે આલેખાયો છે. મેઘકુમાર (એનો હાથી તરીકેનો પૂર્વભવ), ધન્ય શેઠ અને વિજય ચોર, થાવચ્ચાપુત્ર, શૈલક રાજર્ષિ, દ્રૌપદી (પૂર્વભવ અને હરણ) સુંસુમા, પુંડરીક અને કંડરીક, મલ્લિનાથ ભગવાન, માકંદીના બે પુત્રો, નંદમણિયાર (દેડકા તરીકેનો ભવ) અને પ્રધાન તેતલીપુત્ર.

બીજા શ્રુત સ્કંધમાં ચમર, સૂર્ય, ચન્દ્ર વગેરેની અગ્રમહિષીઓની, ૫૬ ઈન્દ્રોની ૨૦૬ પટરાણીઓના પૂર્વભવની હકીકત વર્ણવાઈ છે. મૂળ-૫૪૫૦ શ્લોક પ્રમાણ છે. આ આગમ ઉપર નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ વિ.સં. ૧૧૨૦માં ૩૮૦૦ શ્લોક પ્રમાણ વિવૃત્તિ રચી છે.

## ॥ શ્રી ઉપાસક દશાંગસૂત્ર ॥ ૭

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

શ્રાવકના બાર વ્રતના વર્ણન સહિત ભગવાન મહાવીરદેવના હસ્તે વ્રત ઉચ્ચરીને બાર વ્રત ધારણ કરનાર ૧૫૯૦૦૦ શ્રાવકોમાં મુખ્ય આનંદ, કામદેવ ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકોલિક, સદ્દાલપુત્ર, મહાશતક, નંદિનીપિતા, સાલિહીપિતા એ દશ શ્રાવકોનાં વિસ્તૃત જીવનચરિત્ર, જેમાંથી શ્રાવકના આદર્શ જીવનનું દર્શન થાય છે અને બોધ મળે છે.

વળી અહીં પિશાચનું તાદૃશ અને વિસ્તૃત વર્ણન અપાયું છે. આ ઉપરાંત આજીવિક સંપ્રદાય, નિયતિવાદ અને ગોશાલકે મહાવીર સ્વામી ભગવાનને મહાબ્રાહ્મણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી અને મહાનિર્યામક તરીકે કરેલા નિર્દેશ વિષે કેટલીક બાબતો રજૂ કરાઈ છે.

મૂળ-૮૧૨ શ્લોક પ્રમાણ છે.

આ આગમ ઉપર ૮૦૦ શ્લોક પ્રમાણ નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીની નાનકડી વૃત્તિ છે.

## ॥ શ્રી અંતગડ દશાંગ સૂત્ર ॥ ૮

સર્વ કર્મોનો અંત કરી મુકિત સુખને પામેલા અતિમુકતક મુનિ, ગજસુકુમાલ મુનિ, દેવકીના ૭ પુત્રો આદિ ઉત્તમ આત્માઓના ટૂંકા ટૂંકા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચરિત્રનો સંગ્રહ, જે દ્વારા તેમણે કરેલાં તપ અને સંયમની સુંદર પ્રેરણા મળે છે. ચરિત્રોનો સંગ્રહ.

સંસારનો અંત આણી જેઓ અંત સમયે કેવલજ્ઞાન પામી અન્તર્મુહૂર્તમાં મોક્ષે ગયા હોય તેમને અંતકૃત-કેવલી કહે છે. આવા કેટલાક મહાનુભાવોના ઉદાત્ત ચરિત્રો આ આગમમાં આલેખાયા છે.

દ્વારિકાના વર્ણનથી શરૂ થતાં આ આગમમાં વાસુદેવ કૃષ્ણનાં, પત્નિ, પુત્ર વગેરેની સંખ્યા દર્શાવાઇ છે. વળી રાજા અન્ધકવૃષ્ણિની રાણી ધારિણીના પુત્રો નેમિનાથ ભગવાન પાસે દીક્ષા લઇ બાર ભિક્ષુપ્રતિમાનું પાલન કરી 'ગુણરત્ન સંવત્સર' તપ કરી શત્રુંજયગિરિએ જઇ અનશન કરી મોક્ષે ગયા એ બાબત અહીં વર્ણવાઇ છે.

દસ યાદવકુમારો અંતકૃત-કેવલી થયા તે વાત તેમજ કૃષ્ણની આઠ પટરાણીઓ અને એમના પુત્ર શાંબની બે પત્ની મોક્ષે ગયા એ વિષે અહીં માહિતી અપાઇ છે.

આ ઉપરાંત દ્વારિકાનો દ્વૈપાયને હાથે નાશ, અર્જુનમાલી અને મુદ્દગર યક્ષ, અલક્ષ રાજાની દીક્ષા તેમજ શ્રેણિકની ૨૩ રાણીઓએ કરેલી તપશ્ચર્યા એ બાબતોને પણ અહીં સ્થાન અપાયું છે.

મૂળ-૮૫૦ શ્લોક પ્રમાણ.

આ આગમ ઉપર નવાંગીટીકાકાર શ્રી અભયદેવ સૂરિજીનું ૪૦૦ શ્લોક પ્રમાણ લઘુવિવરણ છે.

## ।। શ્રી અનુત્તરોવવાઇ સૂત્ર ।। ૯

શુદ્ધ ચારિત્રનું પાલન કરીને અનુત્તર દેવવિમાને ગયેલા મેઘકુમાર, અભયકુમાર આદિ એકાવતારી ૩૩ ઉત્તમ આત્માઓનાં જીવનચારિત્રો.

વિશેષમાં ધન્ય મુનિનો અધિકાર છે. એમની તીવ્ર તપશ્ચર્યાની પ્રશંસા ખુદ મહાવીર સ્વામી ભગવાને કરી હતી. એમનું શરીર તપશ્ચર્યાને લઇને તદ્દન હાડપિંજર જેવું બની ગયું હતું એનું અહીં આબેહૂબ વર્ણન કરાયું છે.

આના ત્રણ વર્ગ અને તેત્રીસ અધ્યયન છે.

મૂળ-૧૯૨ શ્લોક પ્રમાણ.

આ આગમ ઉપર ૧૦૦ શ્લોક પ્રમાણ લઘુવૃત્તિ નવાંગીટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ રચી છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ એકાદશ શ્રી વિપાક અંગ પૂજા ॥ ૧૦

આ સૂત્રના દુઃખવિપાક અને સુખવિપાક નામનાં બે શ્રુતસ્કંધોમાં હિંસાદિ ભયંકર પાપોના ફળસ્વરૂપે આ ભવ-પરભવમાં કાયમી પીડા અનુભવનારા દશ મહાપાપી જીવોના ચરિત્ર અને ધર્મની ઉત્તમ આરાધના કરી આ ભવ અને પરભવમાં સુંદર સુખને અનુભવનારા દશ ધર્મી જીવોના ચરિત્રોનું વર્ણન છે. શુભ-અશુભ કર્મોના સ્વરૂપ અંગે દશ-દશ દૃષ્ટાંતોનું વર્ણન છે. શ્લોક : ૧૨૫૦

(નોંધ :- બારમું અંગસૂત્ર દષ્ટિવાદ નામે હતું. તે વિચ્છિન્ન ગયું છે.)

સમગ્ર ૧૧ અંગના

શ્લોક : ૩૫૬૨૬

## ॥ શ્રી વિપાક અંગ સૂત્ર ॥ ૧૧

આ સૂત્રના દુઃખવિપાક અને સુખવિપાક નામનાં બે શ્રુતસ્કંધોમાં હિંસાદિ ભયંકર પાપોના ફળસ્વરૂપે આ ભવ-પરભવમાં કાયમી પીડા અનુભવનારા દશ મહાપાપી જીવોના ચરિત્ર અને ધર્મની ઉત્તમ આરાધના કરી આ ભવ અને પરભવમાં સુંદર સુખને અનુભવનારા દશ ધર્મી જીવોના ચરિત્રોનું વર્ણન છે. શુભ-અશુભ કર્મોના સ્વરૂપ અંગે દશ-દશ દૃષ્ટાંતોનું વર્ણન છે. આને કર્મવિપાકદશા પણ કહેવામાં આવે છે. બે શ્રુતસ્કંધ છે. પહેલામાં દસ અને બીજામાં પણ દસ અધ્યયનો છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

શ્લોક : ૧૨૫૦

(નોંધ :- બારમું અંગસૂત્ર દૃષ્ટિવાદ નામે હતું. તે વિચ્છિન્ન ગયું છે.)

સમગ્ર ૧૧ અંગના

શ્લોક : ૩૫૬૨૬

## ॥ શ્રી ઉવવાઈ સૂત્ર ॥ ૧૨

આ આચારાંગસૂત્રનું ઉપાંગ છે. ચંપાનગરી, કોણિક રાજા, ભગવાન મહાવીર, કોણિક રાજાએ કરેલું ભગવાનનું સામૈયું, ભગવંતની દેશના, ગૌતમસ્વામીના પ્રશ્નો, પ્રભુના ઉત્તરો, અંબડ પરિવ્રાજક અને તેમના સાતસો શિષ્યનું ચરિત્ર, સિદ્ધશિલા, સિદ્ધ ભગવંતોનું વર્ણન.

ઉપપાત એટલે જન્મ, દેવ કે નારકનો જન્મ કે સિદ્ધિગમનના અધિકારવાળો આ ગ્રન્થ છે.

શ્લોક પ્રમાણ : ૧૨૦૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ।। શ્રી રાયપસેણી સૂત્ર ।। ૧૩

સૂત્રકૃતાંગસૂત્રનું ઉપાંગ. પ્રદેશી રાજાનો વિસ્તૃત અધિકાર, શુભધ્યાને મૃત્યુ પામી એની સૂર્યાભદેવ તરીકે પ્રથમ દેવલોકમાં ઉત્પત્તિ. સૂર્યાભવિમાનનું વર્ણન. સૂર્યાભદેવે કરેલી વિસ્તૃત વિધિપૂર્વક જિન-પૂજાનું વર્ણન. ભગવાન મહાવીરના સમવસરણમાં સૂર્યાભદેવનું આગમન. પ્રભુભકિત નિમિત્તે તેણે કરેલાં બત્રીસ બદ્ધ-નાટકોનું વર્ણન, તથા ભગવંતને પૂછેલા છ પ્રશ્નોનું વર્ણન વગેરે. સિદ્ધાયતનની ૧૦૮ જિનપ્રતિમાઓનું વર્ણન. જિનપૂજાનો મહિમા વર્ણવતો ગ્રંથ. આ સૂત્ર સાહિત્યનો રસપ્રદ ગ્રંથ છે.

શ્લોક પ્રમાણ : ૨૧૦૦

'પ્રવચનકિરણાવલિ' નામના આગમ ગ્રંથોના વિસ્તૃત પરિચયવાળા ગુજરાતી ગ્રન્થમાં પૂ.આ. મ. શ્રી પદ્મસૂરિજી મહારાજે કોઈક ચરિત્રના આધારે એવું લખ્યું છે કે,

"પ્રદેશીરાજા, આચાર્ય પ્રવરશ્રી કેશીગણધર મહારાજ પાસેથી ધર્મ-બોધ પામીને તુર્ત્ત પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છઠ્ઠને પારણે, ૩૯મા દિવસે રાણી સૂર્યકાન્તાએ કરેલા વિષપ્રયોગથી સ્વર્ગવાસી થાય છે. પણ તે વેળાએ તેમને અત્યંત સમાધિ હતી. ધન્ય છે તેમના સમભાવને !

## ।। શ્રી જીવાભિગમ સૂત્ર ।। ૧૪

શ્રી ઠાણાંગસૂત્રનું ઉપાંગ. જીવ, . અજીવ, ચારગતિ, અઢીદ્વીપ, જંબુદ્વીપ, ચોરાશી લાખ નરકાવાસ, વૈમાનિક દેવોનાં વિમાનોનું વર્ણન, તથા વિજયદેવે કરેલી જિનપૂજાનું વિસ્તૃત વર્ણન. નવતત્વ અને દંડક વગેરે પ્રકરણો. પન્નવણાસૂત્રમાં કહેલા પદાર્થો ઉપરથી જ આની રચના કરવામાં આવી છે. જીવ અજીવ તત્વનું વિસ્તૃત નિરૂપણ.

શ્લોક સંખ્યા : ૪૭૦૦

આ આગમ ઉપર ૧૫૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ છે અને ભવવિરહાંક શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની 'પ્રદેશ ટીકા' નામની ૧૧૯૨ શ્લોક પ્રમાણવૃત્તિ છે. આ બન્ને પ્રાયઃ અમુદ્રિત છે.

જયારે શ્રી મલયગિરિસૂરિવર રચિત ૧૪૦૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ મુદ્રિત છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી પન્નવણા સૂત્ર ॥ ૧૫

શ્રી સમવાયાંગસૂત્રનું ઉપાંગ છે. આ ઉપાંગ સર્વથી મોટું છે. અને રત્નનો ખજાનો કહીને આ આગમનો મહિમા ગવાયો છે. એનો વિષય અતિ ગહન છે. વસ્તુ દ્રવ્યાનુયોગથી ભરપૂર છે. ઘણાં ખરાં પ્રકરણોનો આધાર ગ્રંથ છે. જેમાં પદાર્થનું સ્વરૂપ પ્રકર્ષપણે-યથાવસ્થિત રૂપે જાણી શકાય તે પ્રજ્ઞાપના. આમાં નવતત્ત્વની પ્રરૂપણા છે. લેશ્યા, સમાધિ, લોકસ્વરૂપ વગેરે સમજાવ્યું છે.

શ્લોક પ્રમાણ : ૪૪૫૪

આ આગમના પ્રણેતા શ્રી સુધર્માસ્વામિથી ૨૩ મી પાટે થયેલા શ્રી શ્યામાચાર્ય મહારાજ છે. આની ઉપર શ્રી હરિભદ્રસૂરિજીએ 'પ્રદેશ-વ્યાખ્યા' નામની ૩૭૨૮ શ્લોક પ્રમાણવૃત્તિ રચી છે અને શ્રી મલયગિરિસૂરિજીએ વિવરણ રચ્યું છે.

શ્લોક પ્રમાણ ૧૬૦૦૦

## ॥ શ્રી સૂરપન્નતિ સૂત્ર ॥ ૧૬

ગણિતાનુયોગથી ભરપૂર આ ગ્રંથમાં સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ વગેરેની ગતિ અને તેનાથી થતાં દિવસ, રાત, ઋતુઓ વગેરેનું વર્ણન છે. આમાં મંડલગતિ સંખ્યા, સૂર્યનો તિર્યક્ પરિભ્રમ, પ્રાકાશ્ય ક્ષેત્ર પરિમાણ વગેરે ૨૦ પ્રાભૃત છે.

જૈનમ્ જયતિ શાસનમ્

શ્લોક પ્રમાણ : ૨૨૯૬

આ આગમ ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીજીની નિર્યુક્તિ હતી પણ તે હાલ ઉપલબ્ધ નથી. અત્યારે શ્રી મલયગિરિસૂરિજી રચિત ૯૫૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ મળે છે જે મુદ્રિત છે.

## ॥ શ્રી જંબુદ્વીપ પન્નત્તિ સૂત્ર ॥ ૧૭

જંબૂદ્વીપનું વર્ણન. આમાં પણ ગણિતાનુયોગનો વિષય છે. જંબૂદ્વીપના પદાર્થો, તેના વિભાગો-જગતી, વેદિકા, દ્વારો, દ્વારોના અધિષ્ટાયકો, ભરતાદિક ક્ષેત્રો, પર્વતો, વનો તથા અરિહંત દેવોના જન્માભિષેક, આદિનાથ પ્રભુનાં પાંચ કલ્યાણકો, છ આરાના સ્વરૂપનું વર્ણન, નવનિધિ, મંદર, કુલકર વગેરેનું વર્ણન છે. આ ગ્રંથ ભૂગોળ વિષયક છે. ભારતવર્ષના વર્ણનમાં રાજા ભરતની કથાઓ છે.

શ્લોક સંખ્યા : ૪૪૫૪



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ।। શ્રી ચંદપન્નત્તિ સૂત્ર ।। ૧૮

આનો વિષય પણ ગણિતાનુયોગ છે. ગણિતાનુયોગથી ભરપૂર આ ગ્રંથમાં ચન્દ્રની ગતિ, માંડલા, શુકલ પક્ષની વૃદ્ધિ તથા કૃષ્ણ પક્ષમાં હાનિનાં કારણો, નક્ષત્રો વગેરેનું વર્ણન તથા ચન્દ્રનું વર્ણન છે.

શ્લોક સંખ્યા : ૨૨૦૦

## ।। શ્રી નિરયાવલિ સૂત્ર ।। ૧૯

કોણિક મહારાજાનું જીવનચરિત્ર, કોણિક અને ચેડા મહારાજા વચ્ચેના રથમૂસલ તથા શિલાકંટક યુદ્ધનો ચિતાર. મગધના રાજા શ્રેણિકનું તેના પુત્ર કોણિકથી થયેલ મૃત્યુ. શ્રેણિકના દશ પુત્રો કાલિકુમાર આદિ તેમના પિતામહ વેશાલિના રાજા ચેટકની સાથે યુદ્ધમાં લડતાં મરાયા પછી નરકમાં જઈ મોક્ષે જશે તેની હકીકત છે. અંતે હલ્લ-વિહલ્લનું વર્ણન.

અંતગડ દશાંગ સૂત્રનું આ ઉપાંગ છે.

## ।। શ્રી કપ્પવડંસિયા સૂત્ર ।। ૨૦

શ્રેણિક મહારાજાના કાલકુમાર આદિ દશ પુત્રોનાં પદ્મ-મહાપદ્મ વગેરે દશપૌત્રો આદિ દીક્ષા લઈ જુદા-જુદા કલ્પ-દેવલોકમાં ગયા ને ત્યાંથી મોક્ષે જશે તેનું વર્ણન છે.(દશ અધ્યયન.)

અનુત્તરોવવાઈ દશાંગસૂત્રનું આ ઉપાંગ છે.

## ।। શ્રી પુપ્ફિયા સૂત્ર ।। ૨૧

ચંદ્ર, ઈન્દ્ર, શુક, બહુપુત્રિકાદેવી, પૂર્ણભદ્ર, મણિભદ્ર, દત્ત, શીલ, બલ અને અણાઢ્યનાં કથાનકો છે. શ્રી મહાવીર સ્વામીજીને દશ દેવ-દેવીઓ પોતાના વિમાનમાંથી પુષ્પક વિમાનમાં બેસીને વંદન કરવા આવે છે. તેમના પૂર્વભવ ભગવાન શ્રી મહાવીર ગૌતમસ્વામીજીને જણાવે છે. (દશ અધ્યયન.)

## ।। શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર ।। ૨૨

શ્રી, હ્રી, ધૃતિ, કીર્ત્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલા, સૂરા, રસ અને ગંધ- એ દસ દેવીઓનાં પૂર્વભવ સહિત કથાનકો શ્રી દેવી પૂર્વભવમાં ભૂતા નામની સ્ત્રી હતી. તેને શ્રી પાર્શ્વનાથ ભગવાને નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા કરાવી હતી. (દશ અધ્યયન).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી વહ્નિદશા સૂત્ર ॥ ૨૩

યદુવંશના રાજા અંધકવૃષ્ણિ, તેમના સમુદ્રવિજય આદિ દસ પુત્રો, દસમા વસુદેવના પુત્ર બલદેવ, તેમના નિષઢ આદિ બાર પુત્રો શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા ને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષે જશે એનો અધિકાર છે. (બાર અધ્યયન).

૧૯ થી ૨૩ સુધીના પાંચ ઉપાંગસૂત્રોના

શ્લોક : ૧૨૫૦

બાર ઉપાંગસૂત્રનું શ્લોક પરિમાણ : ૨૬૨૩૭.

શ્રી દ્રષ્ટિવાદ અંગસૂત્રના આ ઉપાંગ છે.

## ॥ શ્રી ચઉસરણ પયન્ના સૂત્ર ॥ ૨૪

પ્રતિક્રમણ આદિ છ આવશ્યકનો અધિકાર. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ-એ ચારનું સ્વરૂપ. તેમના શરણનો સ્વીકાર. દુષ્કૃતની નિંદા, સુકૃતની અનુમોદના વગેરેનો આરાધનાને યોગ્ય વસ્તુઓનો સુંદર સંગ્રહ છે.

નિત્ય ત્રિકાળ પાઠ કરવા લાયક છે.

આમાં ચૌદ સ્વપ્નના નામ છે. આ સૂત્ર ચિત્તપ્રસન્નતાની ચાવી છે.

ત્રિકાળ પાઠથી ચમત્કારિક લાભ થાય છે. કર્તાનું નામ : વીરભદ્ર મુનિવર છે.

આનું બીજું નામ કુશલાનુબંધિ સૂત્ર છે.

શ્લોક : ૬૩

## ॥ શ્રી આઉર પચ્ચક્ખાણ પયન્નાસૂત્ર ॥ ૨૫

અંતિમ વખતે કરવા લાયક આરાધનાનું સ્વરૂપ, અશુભ ધ્યાનનાં ૬૩ કારણો. આને જ પૂજામાં ૬૩ દુર્ધ્યાન કહ્યા છે. બાલમરણ, પંડિતમરણ, બાલપંડિતમરણનું સ્વરૂપ તથા પાપની આલોચનાના વિચાર. પંડિતે આતુર-રોગાવસ્થામાં શેનાં શેનાં પ્રત્યાખ્યાન લેવા, શું શું વોસિરાવવું-તજવું, શું-શું ભાવના ભાવવી, સર્વ જીવને ખમાવવા વગેરે તેમજ ઉત્તમ મરણ કેવી રીતે થાય તે સમજાવ્યું છે.

શ્લોક સંખ્યા : ૧૦૦

આ સૂત્રનો પાઠ-મનન અનુપ્રેક્ષા સમાધિમાં પૂર્ણ સહાયક થાય તેમ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી મહાપચ્ચક્ખાણ પયન્ના સૂત્ર ॥ ૨૬

જ્ઞ પરિજ્ઞા વડે જાણવા યોગ્ય અને પ્રત્યાખ્યાન-પરિજ્ઞા વડે તજવા યોગ્ય વસ્તુઓનું વર્ણન, તેમજ સાધુઓએ અંત સમયે કરવા લાયક આરાધનાનું ખાસ વર્ણન. મોટા પ્રત્યાખ્યાન કરવાનું સ્વરૂપ છે.

શ્લોક સંખ્યા : ૧૫૦

આ સૂત્રમાં દુષ્કૃતોની નિંદા, માયાનો ત્યાગ, પંડિત મરણની અભિલાષા અને પ્રશંસા, પૌદ્ગલિક આહારથી અતૃપ્તિ, પાંચ મહાવ્રતોનું પાલન અને આરાધનાનું વર્ણન છે.

## ॥ શ્રી ભત્તપરિજ્ઞાપયન્ના સૂત્ર ॥ ૨૭

પંડિત મરણના ત્રણ પ્રકાર. ભક્તપરિજ્ઞા, ઇંગિની અને પાદપોપગમન, ભક્તપરિજ્ઞા મરણ સવિચાર અને અવિચાર એમ બે પ્રકારનું છે. આ ભક્તપરિજ્ઞા મરણની-અણસણની વિધિ અને સાધુ તેમજ શ્રાવકને ભાવવા યોગ્ય અંતિમ ભાવનાનું વર્ણન.

શ્લોક સંખ્યા : ૨૦૦

ચાણકયના સમાધિ મરણનું વર્ણન આમાં છે.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

## ॥ શ્રી તંદુલવેયાલીયપયન્ના સૂત્ર ॥ ૨૮

આ ગ્રંથ વૈરાગ્યરસનો ભંડાર છે. સંસારની અસારતા, મનુષ્ય-દેહની અપવિત્રતા, ગર્ભની સ્થિતિ, જન્મની વેદના, મનુષ્યપણાના આયુષ્યમાં ૪૬૦૮૦૦૦૦૦ની સંખ્યામાં ચોખાના દાણાનો આહાર એવી જ રીતે બીજી વસ્તુઓનો આહાર. છતાં પણ રહેતી અતૃપ્તિ વગેરેનું વૈરાગ્યમય વર્ણન.

સો વર્ષના આયુષ્યવાળો પુરુષ પ્રતિદિન તંદુલ- ભાત ખાય તેની સંખ્યાના વિચારના ઉપલક્ષણથી આ નામ પડેલું છે.

શ્લોક : ૪૫૦

## ॥ શ્રી ગણિવિજજા પયન્ના સૂત્ર ॥ ૨૯

જયોતિષવિષયક મોટા ગ્રંથનો સાર. દિવસ, તિથિ, ગ્રહ, મુહૂર્ત, શુકન, લગ્ન, હોરા, નિમિત્ત વગેરેનું વર્ણન. શુભ કાર્યોમાં બળવાન તિથિ, મુહૂર્ત લગ્ન વગેરે જોવાની વિચારણા. એ દરેકમાં અમુકમાં શું શું કરવું ઘટે એ બતાવ્યું છે. ૮૨ ગાથા છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ શ્રી ચંદાવિજય પયન્ના સૂત્ર ॥ ૩૦

રાધાવેધનું વર્ણન છે. રાધાવેધની આરાધનાની જેમ સ્થિર ચિત્તે આરાધનાનું લક્ષ્ય રાખી સર્વ પ્રવૃત્તિ કરવી અને મરણ સુધારવું, એવા સ્વરૂપનો ઉપદેશ. ૨૦૦ શ્લોક. ખાસ કંઠે કરવા લાયક છે.

## ॥ શ્રી દેવેન્દ્રસ્તવ પયન્ના સૂત્ર ॥ ૩૧

બત્રીશ ઈન્દ્રો, તેમનાં સ્થાન, આયુષ્ય, શરીર, અગ્રમહિષીઓ, રિદ્ધિ-સિદ્ધિ, પરિવાર, બળ, પરાક્રમ વગેરેનું તેમ જ તેમણે કરેલી પરમાત્માની સ્તવનાનું વર્ણન. અને તેના પેટા ભેદમાં દેવતાઓ. ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિનાં નામ, વાસ, સ્થિતિ, ભવન, પરિગ્રહ વગેરે કથન છે.

શ્લોક : ૨૦૦

## ॥ શ્રી મરણસમાધિ પયન્ના સૂત્ર ॥ ૩૨

સમાધિમરણ અને અસમાધિમરણનો વિસ્તૃત વિચાર. ધર્મપ્રાપ્તિની દુર્લભતા, કામભોગોની ભયંકરતા, વિષયોની તુચ્છતા, બાલમરણથી થતી જીવની દુર્દશા વગેરેનું વર્ણન. અંતિમ આરાધનાનો સર્વાંગસુંદર વિસ્તૃત ગ્રંથ. સમાધિથી મરણ કેમ થાય તે તેની વિધિપૂર્વક બતાવ્યું છે. આરાધના, આરાધક, અનારાધક, ક્ષમાપના, અનિત્યાદિ ભાવના, મોક્ષ-સુખની અપૂર્વતા, ધ્યાન વગેરે અનેક વિષયો છે. મરણવિભક્તિ, મરણવિશુદ્ધિ, મરણસમાધિ, સંલેખના શ્રુત, ભક્તપરિજ્ઞા, આતુર પ્રત્યાખ્યાન, અને આરાધના પ્રકીર્ણક એમ આઠ શ્રુતમાંથી આ મરણવિભક્તિ - મરણસમાધિ રચેલી છે.

શ્લોક : ૭૦૦

## ॥ શ્રી સંથાર પયન્ના સૂત્ર ॥ ૩૩

છેવટની અંતિમ આરાધનારૂપ સંથારાનો મહિમા, તેના વડે થતી આત્મશુદ્ધિની પ્રાપ્તિ, દ્રવ્ય અને ભાવસંથારાનું સ્વરૂપ. સંથારો કરનાર આરાધક આત્માઓનાં ચરિત્રો.

શ્લોક : ૧૫૦

## ॥ શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર ॥ ૩૪

અસમાધિનાં વીસ સ્થાન વગેરેના દસ અધ્યયનો છે. આઠમું પર્યુષણાકલ્પ નામનું અધ્યયન એ જ કલ્પસૂત્ર છે, જે દર વર્ષે ચતુર્વિધ સંઘ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમક્ષ પર્યુષણામાં વંચાય છે. સાધુને ચારિત્રમાં અશક્તિ લાવનાર ૨૧ સબલ દોષ, ગુરુની ૩૩ આશાતના, આચાર્યની આઠ સંપદા ને તેના ભેદ, શિષ્યને માટે ચાર પ્રકારના વિનયની પ્રવૃત્તિ અને તેના ભેદ, ચિત્તસમાધિના દશ સ્થાન, શ્રાવકની ૧૧ પ્રતિમાનું વિવરણ, ભિક્ષુપ્રતિમા, મહામોહનીય કર્મબંધના ૩૦ સ્થાન અને નવ નિયાણાનું સ્વરૂપ છે.

શ્લોક પ્રમાણ : ૨૦૦૦

## ॥ શ્રી બૃહત્કલ્પ સૂત્ર ॥ ૩૫

સાધુ-સાધ્વીના વિવિધ આચારોનું ઝીણવટભર્યું વર્ણન. ઉત્સર્ગ તથા અપવાદની ઘણી હકીકતોનો સંગ્રહ. છ ઉદ્દેશક છે. જે કર્મબંધના હેતુ અને સંયમને બાધક સ્થિતિ, પદાર્થ વગેરે છે તેનો નિષેધ અને જે સંયમને સાધક છે તેનું વિધાન કરી તેવા પદાર્થ, સ્થાન, વસ્ત્ર, પાત્ર આદિ જણાવ્યા છે. અમુક અકાર્ય માટે દશમાંથી કયું પ્રાયશ્ચિત્ત આપવું તે અને કલ્પ ના છ પ્રકાર વગેરે જણાવેલ છે.

શ્લોક : ૫૦૦

## ॥ શ્રી વ્યવહાર સૂત્ર ॥ ૩૬

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત- એ પાંચ વ્યવહારો કયા કયા મુનિઓ માટે હોય તેની સમજણ. અત્યારે શાસનમાં સર્વ આરાધના જીત વ્યવહાર મુજબ ચાલે છે.

શ્લોક : ૬૦૦૦

ચરણ કરણાનુયોગની ઘણી ઝીણી ઝીણી વાતોનો દરિયો છે.

દશ ઉદ્દેશક છે. આલોચના સાંભળનાર તથા આલોચના કરનાર મુનિ કેવા હોવા જોઈએ, આલોચના કેવા ભાવથી કરવી જોઈએ, કોને કેટલું પ્રાયશ્ચિત્ત દેવું. ગણિમાં જ્ઞાનચારિત્રાદિ શું ગુણો જોઈએ, આચાર્ય-ઉપાધ્યાયાદિ સાત પદવી કોને આપવી ?, વિહાર તથા ચાતુર્માસ કેટલા સાધુ સાથે કરવા, કેટલા સાધ્વીઓએ સાથે કરવું, બે પ્રકારની પ્રતિમા, બે જાતના પરિષહ, પાંચ પ્રકારના વ્યવહાર, ચાર જાતના પુરુષ, ચાર જાતના આચાર્ય ને શિષ્ય, સ્થવિરની તથા શિષ્યની ત્રણ ભૂમિકા, અમુક આગમો ક્યારે શીખવવા વગેરે નિરુપણ છે.

## ॥ શ્રી જીતકલ્પ સૂત્ર ॥ ૩૭

પ્રાયશ્ચિત્ત વિષેના મહાગ્રંથોમાંથી સાર લઈને દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત-વિધાન બતાવ્યાં છે. ગંભીર ગ્રંથ છે. આ ગ્રંથનાં અધિકારી ગીતાર્થ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવંત ગણાય છે. જીત એટલે આચાર અને તેનો કલ્પ એટલે વર્ણન. આમાં ૧૯ પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે.

શ્લોક : ૨૨૫

## ॥ શ્રી લઘુનિશીથ સૂત્ર ॥ ૩૮

આનું બીજું નામ આચારકલ્પ છે. મુનિવરોના આચારોનું વર્ણન છે. મુનિ જીવનમાં લાગેલા દૂષણોના વિવિધ પ્રાયશ્ચિત્તોનું વર્ણન છે. સામાચારી વિષયક વાતોનો ભંડાર છે. સ્ખલના કરનાર મુનિઓને શિક્ષારૂપે આ સૂત્ર છે. પ્રમાદાદિથી ઉન્માર્ગે ગયેલાને તે સન્માર્ગે લાવે છે. આ સૂત્રમાં ૨૦ ઉદ્દેશક છે. દરેકમાં અમુક બોલ બતાવ્યા છે. તેવું સાધુ કરે, કરાવે યા અનુમોદે તો તેને આલોચના પૂર્વકનાં માસિક, લઘુ માસિક, ચતુર્માસિક આદિ પ્રાયશ્ચિત્તો અને તેની વિધિ બતાવી છે.

શ્લોક : ૮૫૦

## ॥ શ્રી મહાનિશીથ સૂત્ર ॥ ૩૯

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સાધુ-સાધ્વીઓના સંયમની નિર્મળતાના મુખ્ય લક્ષ્યવાળા આ સૂત્રમાં વર્ધમાનવિદ્યા તથા નવકાર મંત્રનો મહિમા, ઉપધાનનું સ્વરૂપ અને વિવિધ તપનું વર્ણન છે. ઉપરાંત શલ્યનો ઉદ્ધાર વગેરેની વિચારણા તેમજ પ્રાયશ્ચિત્તની ગંભીર હકીકતો છે.

વ્રતભંગથી ને ખાસ કરીને ચોથા બ્રહ્મચર્યવ્રતનાં ભંગથી કેટલા દુઃખ પડે છે તે બતાવી કર્મનો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. સાધુઓના આચારની વાત તેમજ કમલપ્રભ આદિની કથાઓ છે.

શ્લોક : ૪૫૦૦

## ॥ પ્રથમ આવશ્યક સૂત્ર પૂજા ॥ ૪૦

શ્રી મહાવીર સ્વામીની આજ્ઞાને માનનાર પ્રત્યેક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ દરરોજ સવારે અને સાંજે અવશ્ય કરવા યોગ્ય જે પ્રતિક્રમણ, તે આવશ્યક કહેવાય છે. તેના છ આવ શ્યકના છ અધ્યયનનું વર્ણન છે. ઉપસર્ગો, સમવસરણ, ગણધરવાદ, દશપ્રકારની સામાચારી નિન્હવો, નમસ્કાર નિયુક્તિ, ધ્યાનશતક, પારિષ્ઠાપતિકા નિર્યુક્તિ, સંગ્રહણી, યોગસંગ્રહ નિર્યુક્તિ અને અસ્વાધ્યાય નિર્યુક્તિનું વર્ણન છે.

શ્લોક : ૧૦૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ॥ દ્વિતીય દશવૈકાલિક સૂત્ર ॥ ૪૧

સર્વ આગમોનો સાર ખેંચીને, પૂર્વમાંથી ઉદ્ધરીને

## ॥ તૃતીય શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ॥ ૪૨

પરમાત્મા મહાવીરદેવે આપેલા અંતિમ ઉપદેશોનો આમાં સંગ્રહ છે. વૈરાગ્યની વાતો અને મુનિવરોના ઉચ્ચ આચારોનું વર્ણન અને તેને લગતી ધર્મકથાઓ છે. જીવ, અજીવ, કર્મપ્રકૃતિ, લેશ્યા વગેરેદ્રવ્યાનુયોગનું વર્ણન પણ આમાં આપેલ છે.

૨૦૦૦ શ્લોક.

## ॥ ચતુર્થ શ્રી પિંડનિર્યુકિત સૂત્ર ॥ ૪૩

પિંડનિર્યુકિતમાં દશવૈકાલિક સૂત્રના પાંચમાં અધ્યયનના અર્થનો વિસ્તાર છે. ગૌચરીના દોષો વગેરેનું વિસ્તૃત વર્ણન છે. અહીં પિંડ શબ્દનો અર્થ ગૌચરી થાય છે. આહારને અંગેના ઉદ્દગમદોષો, ઉત્પાદન દોષો, એષણા દોષો અને ગ્રાસેષણા દોષોનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે.

૬૭૧ ગાથા.

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ॥ શ્રી બે ચૂલિકા સૂત્ર પૂજા ॥

## ॥ પ્રથમ શ્રી નંદિસૂત્ર ॥ ૪૪

પરમ મંગળ રૂપ આ સૂત્રમાં અનેક ઉપમાઓ પૂર્વક શ્રી સંઘનું વર્ણન, ચોવીસ તીર્થંકર અને અગિયાર ગણધરનાં નામો, સ્થવિરોનાં ટૂંકાં ચરિત્રો તેમજ પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન આપેલ છે. પાંચ જ્ઞાન સંબંધી આટલી વિસ્તૃત હકીકત બીજા ગ્રંથોમાં નથી.

૭૦૦ શ્લોક.

## ॥ દ્વિતીય શ્રી અનુયોગદ્વારસૂત્ર ॥ ૪૫

સર્વ આગમોની ચાવી રૂપ આ આગમમાંથી આગમોને સમજવાની પદ્ધતિ મળે છે. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય એ શાસ્ત્રવ્યાખ્યાના ચાર પ્રકારનું વિસ્તૃત વર્ણન છે.

૨૦૦૦ શ્લોક.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી પિસ્તાલીસ

૧ શ્રી આચારાંગ સૂત્ર
૨ શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
૩ શ્રી ઠાણાંગ સૂત્ર
૪ શ્રી સમવાયાંગ સૂત્ર
૫ શ્રી પરમપાવન પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર
૬ શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮ શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
૯ શ્રી અનુ ત્તરોવવાઈદશાંગ સૂત્ર
૧૦ શ્રી પ્રશ્ન વ્યાકરણાંગ સૂત્ર
૧૧ શ્રી વિપાકાંગ સૂત્ર
૧૨ શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩ શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
૧૪ શ્રી જીવાભિગમ સૂત્ર
૧૫ શ્રી પન્નવણા સૂત્ર
૧૬ શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭ શ્રી જંબૂદ્રીપપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮ શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯ શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦ શ્રી કલ્પાવતંસિકા સૂત્ર
૨૧ શ્રી પુ ષ્પિતા સૂત્ર
૨૨ શ્રી પુષ્પચુલિકા સૂત્ર
૨૩ શ્રી વહ્નિદશા સૂત્ર

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

# આગમ સૂત્રનાં નામ.

૨૪ શ્રી ચઉસરણ પયન્ના
૨૫ શ્રી આઉરપચ્ચક્ખાણ પયન્ના
૨૬ શ્રી મહાપચ્ચક્ખાણ પયન્ના
૨૭ શ્રી ભત્તપરિન્ના પયન્ના
૨૮ શ્રી તંદુલવેયાલિય પયન્ના
૨૯ શ્રી ગણિવિજ્જા પયન્ના
૩૦ શ્રી ચંદાવિજય પયન્ના
૩૧ શ્રી દેવેન્દ્રથુઈ પયન્ના
૩૨ શ્રી મરણસમાધિ પયન્ના
૩૩ શ્રી સંથારા પયન્ના
૩૪ શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૫ શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૬ શ્રી વ્યવહાર સૂત્ર
૩૭ શ્રી જીતકલ્પ સૂત્ર
૩૮ શ્રી નિશીથ સૂત્ર
૩૯ શ્રી મહાનિશીથ સૂત્ર
૪૦ શ્રી આવશ્યક સૂત્ર
૪૧ શ્રી દશવૈકાલિક સૂત્ર
૪૨ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૪૩ શ્રી પિંડ નિર્યુકિત સૂત્ર
૪૪ શ્રી નંદી સૂત્ર
૪૫ શ્રી અનુયોગદ્વાર સૂત્ર

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્



લખે, લખાવે, સાચવે, પૂજે, ધ્યાયે, સાર,
ભણે, ભણાવે, શુભ મને, અનુમોદે, ધરી પ્યાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com